dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 57 | AD - 2024, Kartak Vad -14 | Saturday, Dt.30-11-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## મહારાષ્ટ્રની નવી સરકારનો શપથ ગ્રહણ સમારોહ ૫ ડિસેમ્બરે યોજાય તેવી સંભાવના

# તા. ૧ ડિસેમ્બરે ભાજપની ધારાસભ્ય દળની બેઠક, ફડણવીસના નામને મંજૂરી?

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૯

મહારાષ્ટ્રમાં મહાગઠબંધન સરકારની ફોર્મ્યુલા લગભગ તૈયાર છે. સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ૧ ડિસેમ્બરે બીજેપી ધારાસભ્ય દળની બેઠક યોજાઈ શકે છે. આ બેઠકમાં ભાજપ ધારાસભ્ય દળના નેતાની પસંદગી કરવામાં આવશે. બેઠકમાં દેવેન્દ્ર ફડણવીસના નામને મંજૂરી મળી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર મુખ્યમંત્રી પદની રેસમાં દેવેન્દ્ર ફડણવીસનું નામ લગભગ ફાઈનલ થઈ ગયું છે. સરકારની રચનામાં એક સીએમ અને બે ડેપ્યુટી સીએમની ફોર્મ્યુલા તૈયાર કરવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર મહારાષ્ટ્રની નવી સરકારનો શપથ ગ્રહણ સમારોહ ૫ ડિસેમ્બરે યોજાઈ શકે છે. શપથ ગ્રહણ સમારોહ આઝાદ મેદાનમાં યોજાય તેવી શક્યતા છે. તેમાં ભાજપના મોટા નેતાઓ અને એનડીએ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ અને ડેપ્યુટી સીએમ સામેલ થઈ શકે છે. કહેવામાં આવી રહ્યું છે કે દેવેન્દ્ર ફડણવીસ મુખ્યમંત્રી અને એકનાથ શિંદે અને અજિત પવાર ડેપ્યુટી સીએમ તરીકે શપથ લઈ શકે છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ મહાગઠબંધન સરકારમાં ભાજપ પાસે ૧૭ કેબિનેટ મંત્રીઓ હોઈ શકે છે. ભાજપ કેબિનેટમાં ૫૦ ટકા નવા અને ૫૦ ટકા જૂના ચહેરાઓને તક આપી શકે છે. એકનાથ શિંદે જૂથમાંથી ૯ કેબિનેટ મંત્રીઓ હોઈ શકે છે. અજિત પવારના જૂથમાંથી ૭ કેબિનેટ મંત્રી બનાવવામાં આવી શકે છે. મહારાષ્ટ્રના મુખ્યપ્રધાનના નામની જાહેરાતને લઈને ચાલી રહેલા સસ્પેન્સ વચ્ચે એકનાથ શિંદેએ બે મહત્વપૂર્ણ બેઠકો રદ્દ કરી દીધી છે અને સૂત્રોનું માનીએ તો તેઓ તેમના ગામ સતારા પહોંચી ગયા છે. શિંદે, દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર સાથે, ગુરુવારે મોડી રાત્રે અમિત શાહ અને જે.પી. નડ્ડા સાથે મહારાષ્ટ્રમાં આગામી સરકારને લઈને મળ્યા હતા. એકનાથ શિંદેએ શુક્રવારે કહ્યું હતું કે ગુરુવારે રાત્રે રાજ્યમાં સરકારની રચનાના મુદ્દે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને ભાજપના વડા જે.પી. નડ્ડા સાથે સારી અને સકારાત્મક ચર્ચા થઈ હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર પહેલા બીજેપી વિધાયક દળની બેઠક થશે જ્યાં તેના નેતાની પસંદગી કરવામાં આવશે અને ત્યારબાદ મહાયુતિ ગઠબંધનની સંયુક્ત બેઠક થશે. મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીના નામ પર સમજૂતી થઈ છે, પરંતુ ડેપ્યુટી સીએમ પર હજુ પણ સસ્પેન્સ યથાવત્ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે એકનાથ શિંદે ડેપ્યુટી સીએમ બનવા માંગતા નથી. શિંદે તેમની જગ્યાએ કોઈ અન્યને ડેપ્યુટી સીએમ પદ આપવા માંગે છે. શિવસેના જૂથના સંજય શિરસાટનું કહેવું છે કે શિવસેનાના ક્વોટામાંથી ડેપ્યુટી સીએમ કોણ બનશે તેની અંતિમ જાહેરાત માત્ર એકનાથ શિંદે કરશે. અજિત પવાર એનસીપી ક્વોટામાંથી ડેપ્યુટી સીએમ બનશે તે નિશ્ચિત છે. અજીત આ પહેલા પણ ડેપ્યુટી સીએમ રહી ચૂક્યા છે. અજિત પાસે સૌથી લાંબા સમય સુધી મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી તરીકે સેવા આપવાનો રેકોર્ડ પણ છે. અજીત લગભગ ૮ વર્ષથી મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ છે. મહારાષ્ટ્રના રાજકારણમાં ભૂતપૂર્વ મુખ્યપ્રધાનનું પ્રધાન કે નાયબ મુખ્યપ્રધાન બનવું એ નવી વાત નથી. આ પહેલા પણ અશોક ચવ્હાણ અને દેવેન્દ્ર ફડણવીસ જેવા નેતાઓ આવું કરી ચુક્યા છે. આવી સ્થિતિમાં સવાલ એ ઉઠી રહ્યો છે કે પૂર્વ મુખ્યમંત્રી એકનાથ શિંદે ડેપ્યુટી સીએમ કેમ બનવા માંગતા નથી?



એકનાથ શિંદેએ જ્યારે મુખ્યમંત્રી પદ પરથી ઉમેદવારી પાછી ખેંચી ત્યારે તેમણે કરેલા કામનો ઉલ્લેખ કર્યો હતો. શિંદેએ કહ્યું હતું કે હું મહારાષ્ટ્રને ત્રીજા સ્થાનેથી નંબર વન પર લાવ્યો છું. તેમણે લાડલી બહેન યોજનાનો પણ ઉલ્લેખ કર્યો. મહારાષ્ટ્રની ચૂંટણીમાં આ યોજના લોકપ્રિય હતી. આવી સ્થિતિમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે શિંદે ડેપ્યુટી બનીને પોતાના કામનો શ્રેય ગુમાવવા માંગતા નથી.

## બાઈકચાલકને બચાવવા જતા બસચાલકે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવ્યો

# મહારાષ્ટ્રના ગોંદિયામાં ગમખ્વાર અકસ્માત: ૧૦ના મોત

ગોંદિયા,તા.૨૯

મહારાષ્ટ્રના ગોંદિયામાં એક ભયાનક બસ અકસ્માત થયો છે. આ અકસ્માતમાં ૧૦ લોકોના મોત થયા છે. ઘાયલોમાં કેટલાકની હાલત અત્યંત ગંભીર છે. મૃત્યુઆંક વધવાની શક્યતા છે. મુખ્યમંત્રી એકનાથ શિંદેએ દુર્ઘટનાના પીડિતોને ૧૦ લાખ રૂપિયાની તાત્કાલિક સહાયની જાહેરાત કરી છે. આ ઘટના પાછળનું કારણ એવું કહેવાય છે કે બાઈકને બચાવવાના પ્રયાસમાં બસ કાબુ બહાર ગઈ હતી.



વાસ્તવમાં, ગોંદિયા-કોહમારા સ્ટેટ હાઈવે પર ખજરી ગામ પાસે બાઈકને બચાવવાનો પ્રયાસ કરતી વખતે શિવશાહી બસ કાબુ બહાર ગઈ અને પલટી ગઈ. બસ પલટી જતાં કેટલાક લોકો તેની નીચે દબાઈ ગયા હતા, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. શુક્રવારે બપોરે ૧૨ થી ૧૨:૩૦ વાગ્યાની વચ્ચે બનેલા અકસ્માત બાદ ઘટનાસ્થળે હોબાળો મચી ગયો હતો.

અકસ્માતમાં પલટી ગયેલી બસ મહારાષ્ટ્ર રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની હતી. આ બસ ભંડારાથી સાકોલી લાખાણી થઈ ગોંદિયા તરફ જઈ રહી હતી. બસની સામે વળાંક વાળો રસ્તો હતો અને અચાનક સામેથી એક બાઈક આવ્યું. બાઈક ચાલકને બચાવવાનો પ્રયાસ કરતી વખતે બસના ચાલકે વાહન હંકારી લીધું હતું, જેના કારણે બસ કાબુ બહાર થઈ અને પલટી મારી ગઈ હતી. અકસ્માત સમયે બસમાં ૩૫થી વધુ મુસાફરો હતા જેમાંથી ૧૦ના મોત થયા છે. મૃત્યુઆંક વધી પણ શકે છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, અકસ્માત બાદ બસ ડ્રાઈવર સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. રાહદારીઓએ જાણ કરતા એમ્બ્યુલન્સ અને પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

**મુખ્યમંત્રી શિંદેએ મૃતકોના પરિવારોને ૧૦ લાખની સહાય જાહેર કરી**








# મધ્યપ્રદેશના ખંડવામાં મશાલ રેલી દરમિયાન આગ: ૫૦ લોકો દાઝયા

## ઈજાગ્રસ્તોને તાત્કાલિક નજીકની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા



ખંડવા,તા.૨૯

મધ્યપ્રદેશના ખંડવામાં મશાલ રેલી દરમિયાન આગ ફાટી નીકળી હતી, જેમાં ૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ ઘટના ગુરુવારે મોડી રાત્રે બની હતી. તેનો વીડિયો પણ સામે આવ્યો છે. આગ લાગતા નાસભાગ મચી ગઈ હતી. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે લોકોમાં નાશભાગ મચી હતી. આ ઘટનામાં ઘાયલ લોકોને જિલ્લા હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. અહીં, માહિતી મળતાની સાથે જ પોલીસ અને વહીવટીતંત્રના અધિકારીઓ જિલ્લા હોસ્પિટલ પહોંચ્યા હતા. જ્યાં ઈજાગ્રસ્તો સાથે વાતચીત કર્યા બાદ તેમની સ્થિતિ વિશે પૂછપરછ કરી અને ઘટનાની માહિતી મેળવી હતી. ખંડવાના એસપી મનોજ રાયે જણાવ્યું - જ્યારે મશાલ રેલી શહેરના ક્લોક ટાવર પર પુરી થઈ રહી હતી, ત્યારે મશાલ મૂકતી વખતે કેટલીક મશાલો ઊંધી પડી ગઈ, જેના કારણે તેમાં રહેલ લાકડાનો વહેર અને તેલથી નજીકમાં પડેલી મશાલો ભભૂકી ઉઠી. જેના કારણે ત્યાં એક ઘેરાવમાં ઉભેલા લોકો દાઝી ગયા હતા. જેમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ છે. લોકોના ચહેરા અને હાથ બળી ગયા છે. ૩૦ લોકોને જિલ્લા હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જેમાંથી ૧૨ લોકોને દાખલ કરવામાં આવ્યા છે. બાકીનાને પ્રાથમિક સારવાર બાદ ઘરે મોકલી દેવામાં આવ્યા હતા.









# ચિત્તલ ગામે થયેલી વૃધ્ધાની હત્યાનું કારણ હજુપણ અકબંધ

**વૃધ્ધાના પરિવારને ક્યારેય કોઈ સાથે ઝઘડો કે માથાકૂટ થઈ નથી તો હત્યાનું કારણ શું? પોલીસ ચકરાવે ચડી**

અમરેલી,તા.૨૯

અમરેલીના ચિત્તલ ગામે ગતરોજ ભરબપોરે એક વિપ્ર વૃધ્ધાની હત્યા કરવામાં આવતા અમરેલી જિલ્લામાં ખળભળાટ મચી ગયો હતો. હત્યાનો આરોપી હજુ પણ પોલીસ પકડથી દૂર છે ત્યારે હત્યા શા માટે કરવામાં આવી તે અંગે પોલીસ ગોથે ચડી છે. ચિત્તલ ગામે ગઈકાલે બપોરના સમયે નાયબ મામલતદારના માતા વિપ્ર મહિલા પ્રભાબેન ભાનુશંકર તેરૈયા નામની મહિલા પર તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી નિર્મમ હત્યા નિપજાવી હતી. હત્યારાએ માત્ર ૨૦ મિનિટમાં જ હત્યાને અંજામ આપ્યો હતો.

હત્યાની જાણ થતા પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. આ અંગે ડીવાયએસપી ચિરાગ દેસાઈએ જણાવ્યું હતું કે મૃતકના પરિવારજનોને ભુતકાળમાં કયારેય કોઈ સાથે માથાકૂટ થઈ નથી. મહિલાની હત્યા બાદ ઘરમાંથી કોઈપણ પ્રકારની લૂંટ કરવામાં આવી નથી. જેથી આ હત્યા લૂંટના ઈરાદે થઈ નથી. ગામમાં આવેલા સીસીટીવીની ચકાસણીમાં પણ કંઈ જ મળતુ નથી. હત્યા શા માટે કરવામાં આવી છે? હત્યાનું કારણ શું છે તેની તપાસ કરવામાં આવી રહી છે. આમ, વિપ્ર મહિલાની હત્યાને લઈ પોલીસ પણ ચકરાવે ચડી છે.

# ધારાસભ્યની હાજરીમાં લીલીયા ખાતે બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન

અમરેલી,તા.૨૯

લીલીયા મોટા ખાતે અમૃતબા વિદ્યાલય ખાતે જી.સી.ઈ.આર.ટી.ગાંધીનગર પ્રેરિત જિલ્લા કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની અધ્યક્ષતામાં ખુલ્લું મૂકવામાં આવેલ. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પૂર્વ ધારાસભ્ય હનુભાભા ધોરાજીયા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. શાળા સંચાલક મંડળના ટ્રસ્ટી



અરુણભાઈ પટેલ, મગનભાઈ વિરાણી, બાબુભાઈ ધામતએ ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, પૂર્વ ધારાસભ્ય હનુભાભા ધોરાજીયા સહિતના મહાનુભાવોનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ પોતાના વિદ્યાર્થી કાળ દરમિયાનના સ્મરણો યાદ કરી બાળ વૈજ્ઞાનિકોની કૃતિઓ નિહાળી પ્રોત્સાહિત કર્યા હતા. આ તકે જિલ્લા શિક્ષણ અધિકારી ગોહિલ, તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, ગૌતમભાઈ વિછીયા, જીગ્નેશ સાવજ, ભાજપ અગ્રણી ભીખાભાઈ ધોરાજીયા, કાનજીભાઈ નાકરાણી, કેતનભાઈ ઢાંકેચા સરપંચ જીવનભાઈ વોરા, આનંદ ધાનાણી સહિતના આગેવાનો જોડાયા હતા.

# વિશ્વની સૌથી મોટી ઓનલાઈન ગુજરાત સ્ટેમ ક્વિઝ ૩.૦નું આયોજન

અમરેલી, તા.૨૯

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) દ્વારા વિશ્વની સૌથી મોટી ઓનલાઈન ગુજરાત સ્ટેમ ક્વિઝ ૩.૦નું આયોજન કરવામાં આવ્યું છે. આ ક્વિઝ તા. ૨ થી ૫ ડિસેમ્બર દરમિયાન યોજાશે. અમરેલી જિલ્લાના ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ આ ક્વિઝમાં ભાગ લઈને રૂ. ૨ કરોડના ઈનામ જીતી શકે છે. વિદ્યાર્થીઓ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ તેમના મોબાઈલ નંબર પર મળેલી લિંક પર ક્લિક કરીને ક્વિઝ આપી શકે છે. ક્વિઝ દરમિયાન કોઈપણ પ્રકારની સમસ્યા આવે તો વિદ્યાર્થીઓ નજીકના નોડલ સેન્ટરનો સંપર્ક કરી શકે છે. વધુ માહિતી માટે વિદ્યાર્થીઓ અને વાલીઓ અમરેલી જિલ્લાના ડિસ્ટ્રિક્ટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરનો સંપર્ક કરી શકે છે.

# સાવરકુંડલામાં આંગણવાડી વર્કરોએ તાલુકા વિકાસ અધિકારીને આવેદન આપ્યું

**આંગણવાડી વર્કરોએ મૌખિક અને આવેદનપત્ર દ્વારા લેખિત રજૂઆત કરી**

સા.કુંડલા, તા.૨૯

છેલ્લા ઘણા સમયથી આંગણવાડી બહેનો પોતાના પડતર પ્રશ્નો માટે સતત લડત ચલાવે છે. તેમણે સરકારમાં વારંવાર મૌખિક અને આવેદનપત્ર દ્વારા લેખિત રજૂઆત કરી છે છતાં સરકાર દ્વારા કોઈપણ પ્રકારે ન તો વેતનમાં વધારો કે કાયમી



કરવાનો કોઈ ઉકેલ મળતો નથી. સુપ્રીમ કોર્ટે પણ વર્ગ ત્રણ-ચારના કર્મચારીઓને કાયમી કરવાનો હુકમ છ મહિનામાં કરવા સરકારને ટકોર કરી તે મુદ્દે આજે સાવરકુંડલાની આંગણવાડી વર્કર બહેનોએ તાલુકા વિકાસ અધિકારી અને મામલતદારને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી.

# બાબરાના અમરાપરાના ખેડૂત પર ચાર શખ્સોએ કર્યો હુમલો

બાબરા,તા.૨૯



બાબરાના અમરાપરાના ખેડૂત જેરામભાઈ ભરદીયા પોતાની વાડીએ ખેતી કામ કરતા હતા ત્યારે ત્રણ થી ચાર શખ્સોએ ખેતરના કપાસમાં અંદાજે ચારસો ગાડર-બકરાનું ભેલાણ કરતા ખેડૂતે ગાડર-બકરા ચારવાની ના પડતા અજાણ્યા શખ્સોએ ગાળો બોલી લાકડી વડે માર મારવામાં આવતા સિવિલ હોસ્પિટલ બાબરામાં દાખલ કરવામાં આવ્યા હતા. આ અંગે ખેડૂતે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે આ શખ્સો સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ચલાલામાં શુભેચ્છા મિલન કાર્યક્રમમાં હાજરી આપતા ધારાસભ્ય કાકડીયા

અમરેલી,તા.૨૯

ચલાલા ટાઉનહોલ ખાતે સ્પોર્ટ્સ ક્લબ, ચલાલા દ્વારા યોજાયેલ શુભેચ્છા મિલન કાર્યક્રમ અને સંગીત સંધ્યા કાર્યક્રમ અંગે ધારાસભ્ય જે.વી.કાકડિયા દ્વારા મુલાકાત લેવામાં આવી હતી અને કાર્યક્રમ અંગે છણાવટ કરવામાં આવી હતી. આ તકે વેપારી અગ્રણી કમલેશભાઈ



વિઠલાણી તથા ધીરુભાઈ સોર્ડીગલા તથા સ્પોર્ટ્સ ક્લબના પ્રમુખ તથા ભાજપ અગ્રણી બિછુભાઈ માલા તેમજ ધારી યાર્ડના વાઈસ ચેરમેન અને ભાજપ અગ્રણી હર્ષદભાઈ રાવલ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જિલ્લાની હોસ્પિટલોમાં જાતીય પરીક્ષણ રોકવા સીસીટીવી કેમેરા લગાવવા ફરજિયાત

અમરેલી,તા.૨૯

પીએનડીટી એક્ટ અંતર્ગત અમરેલી જિલ્લાની હોસ્પિટલ, ક્લિનિક અને સંસ્થાઓએ સીસીટીવી કેમેરા લગાવવા ફરજિયાત છે. આ અંગે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.

પીએનડીટી એક્ટ હેઠળ જાતીય પરીક્ષણના ગુનાઓ રોકવાના અમલીકરણ માટે અમરેલી જિલ્લામાં રજિસ્ટ્રેશન ધરાવતી તમામ હોસ્પિટલ, ક્લિનિક અને સંસ્થાઓના સમગ્ર વિસ્તારને આવરી લેતા સીસીટીવી કેમેરા લગાવવાના રહેશે.

ઉપરાંત ૨૪ કલાકનું ૩૦ દિવસનું બેકઅપ રાખવું પણ ફરજિયાત છે. અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા આ જાહેરનામું બહાર પાડ્યું છે. જે આગામી ૨૪ જાન્યુઆરી સુધી અમલી રહેશે.

# અમરેલી શહેરમાં વીજ તંત્રનો જનતા પર અત્યાચાર : મોડા બીલ અને વધુ ચૂકવણી

**સંજય રામાણીએ વીજ બોર્ડની પ્રવૃત્તિઓ સામે ઉઠાવ્યો સવાલ**

અમરેલી, તા.૨૯

અમરેલી જિલ્લામાં વીજ તંત્ર દ્વારા ગ્રાહકોને મોડા બીલ આપીને અને યુનિટમાં મનસ્વી વધારો કરીને કરોડો રૂપિયાનો ચૂનો લગાવી રહ્યું છે. આ અંગે યુવા આગેવાન સંજય (ચંદુ) રામાણીએ ગંભીર આક્ષેપો લગાવ્યા છે. રામાણીએ જણાવ્યું કે, પહેલા વીજ તંત્ર દર મહિને બીલ આપતું હતું અને બીલમાં વપરાયેલા યુનિટની ચોક્કસ માહિતી હોય છે. પરંતુ હવે બોર્ડ ત્રણથી ચાર મહિને એકવાર બીલ આપે છે અને બીલમાં યુનિટની સંખ્યા અતિશય વધારે દર્શાવવામાં આવે છે. આના કારણે ગ્રાહકોને વધુ પૈસા ચૂકવવા પડે છે.

સંજય રામાણીએ આગળ જણાવ્યું કે, મોંઘવારી અને બેરોજગારીની સ્થિતિમાં જનતા પર આ પ્રકારનો અત્યાચાર કરવો એ ગેરવાજબી છે. તેમણે વીજ તંત્રને દર મહિને બીલ આપવા અને બીલમાં યુનિટની ચોક્કસ માહિતી આપવાની માંગ કરી છે.

# ચીતલ - જસવંતગઢ ગામે મોક્ષધામ યુવક મંડળ દ્વારા પ્રથમ સમૂહલગ્ન અને લોકડાયરો સંપન્ન

ચિતલ, તા.૨૯

અમરેલીના ચીતલ-જસવંતગઢ ગામે મોક્ષધામ યુવક મંડળ દ્વારા વિવિધ ધાર્મિક, સેવાકીય તથા સમાજ ઉપયોગી અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. મંડળ દ્વારા તાજેતરમાં ભવ્ય લોકડાયરો તથા સર્વજ્ઞાતિ સાત સમૂહલગ્નનું આયોજન કરવામાં આવેલ. આ બન્ને કાર્યક્રમો માટે બંને ગામના દાતાઓ, બહારગામસ્થિત વતનીઓ, નોકરી-વ્યવસાય અર્થે બહાર સ્થિત અને સુખી સંપન્ન દાતાઓ તથા બન્ને ગામના આગેવાનો, મુખ્ય અગ્રણીઓ, ગ્રામ પંચાયતના હોદ્દેદારો, અનેકવિધ સેવાકિય પ્રવૃત્તિ સાથે જોડાયેલા મહિલા, ધાર્મિક તથા સેવાકીય મંડળો, ગ્રુપ અને સંસ્થાઓ તરફથી નોંધનીય સેવા સહયોગ મળેલ. આ ઉપરાંત ખુબ જ મોટા પ્રમાણમાં આર્થિક સહયોગ પણ પ્રાપ્ત થયેલ. આ બન્ને ગામના પ્રથમ સમૂહલગ્નમાં ગરીબ અને જરૂરીયાતમંદ પરિવારોના નવદંપતીઓને સોના-ચાંદીથી લઈને ખુબ જ મોટા પ્રમાણમાં ચીજવસ્તુઓનું દાન અને ભેટ મળેલ. ઘણા દાતાઓ તરફથી ઓનલાઈન પણ આર્થિક સહયોગ મળેલ. પ્રસંગરૂપ લગ્ન કંકોત્રી, મંડપ, લાઈટ ડેકોરેશન, વીડિયોગ્રાફી, ફોટોગ્રાફી તથા ડીજે સાઉન્ડ તેમજ બન્ને કાર્યક્રમના મોટા કલાકારો, લગ્નવિધિના મુખ્ય ગોર તથા રસોડા તથા જમણવાર, ચા-પાણી વ્યવસ્થા દરેક કન્યાના ચણીયાચોળી તથા બ્યુટીપાર્લર વ્યવસ્થા, વર-કન્યાના ઉતારા, વરઘોડા, સામૂહિક સામૈયા તથા દરેક મંડપમાં સ્વયંસેવક તેમજ અનુભવી મહિલા મંડળ તરફથી સેવાઓ મળેલ.

# ઉત્તર પ્રદેશના જેલ મંત્રી સુરેશ રાહીનું અમરેલી જિલ્લામાં ભવ્ય સ્વાગત

અમરેલી, તા.૨૯

ઉત્તર પ્રદેશ સરકારના જેલ મંત્રી સુરેશકુમાર રાહીએ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ખોબા-દેવડા સુકવળા ગામનો પ્રવાસ કર્યો. આ પ્રસંગે જિલ્લા પંચાયત સદસ્ય પ્રભાતભાઈ કોઠીવાળ દ્વારા મંત્રીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. વરદાનભાઈ ચાવડા (આહિર) ના ઘરે પરિવાર સાથે મહેમાનગતિ માણી હતી. કાઠીયાવાડી પરંપરા અનુસાર, ચાવડા પરિવાર દ્વારા મંત્રીને ગીર ગાયની વાછરડી ભેટ કરવામાં આવી હતી. મંત્રીએ સ્થાનિક પરંપરાગત ભોજન - બાજરાના રોટલા,



અને રીંગણાના ઓળાનો આસ્વાદ માણ્યો. આ દરમિયાન તેમણે જણાવ્યું કે કૃષ્ણ ભગવાન ઉત્તર પ્રદેશમાં જન્મ્યા હતા, પરંતુ તેમની કર્મભૂમિ ગુજરાત રહી, જેથી તેઓ ગુજરાત આવીને ખૂબ પ્રસન્ન છે. ભીખાભાઈ ચાવડા, વરદાનભાઈ, વજુભાઈ, નિર્મળભાઈ, શુભરાજભાઈ સમઢીયાળા, દેવાયતભાઈ કોઠીવાળ, ડાયાભાઈ મેતા સહિત અનેક સ્થાનિક નેતાઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ

મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# ગજેરા કેમ્પસના ખેલાડીઓએ સ્ટેટ શૂટિંગ ચેમ્પિયનશિપમાં વિવિધ મેડલ મેળવ્યા

અમરેલી,તા.૨૯



અખિલ ભારતીય રમત-ગમત આયોજિત શાળાકીય રમોત્સવ SGFI દ્વારા સ્ટેટ શૂટિંગ ચેમ્પિયનશિપનું આયોજન ૨૪ થી ૨૮ ઓક્ટોબરના રોજ વડોદરા મુકામે થયેલ હતું. તેમાં વિવિધ જિલ્લાઓના રમતવીરોએ ભાગ લીધો હતો. જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શાળાના વિદ્યાર્થીઓ બાંભણિયા સૃષ્ટિ, તાવિયા બીપીન, પરમાર ધર્મિષ્ઠાએ રાઈફલ શૂટિંગમાં ગોલ્ડ મેડલ મેળવેલ તેમજ (૧) તાવિયા રીના, તાવિયા ગુંજલ, તાવિયા ઋત્વિક, લકુમ કાજલએ સિલ્વર મેડલ મેળવેલ અને (૧) ચાવડા હેતવી, (૨)ભદાણિયા મિલનએ બ્રોન્ઝ મેડલ મેળવી શાળા તેમજ જિલ્લાનું નામ રાજ્ય લેવલે રોશન કરેલ. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ ખેલાડીઓને અને કોચ પૂલકીતાબેનને અભિનંદન પાઠવ્યા હતા.

# ખેડૂતોના હિતમાં ગુજરાત સરકારના મહત્વપૂર્ણ નિર્ણયને આવકારતા ધારાસભ્ય કૌશિક વેકરીયા

અમરેલી,તા.૨૯



રાજ્યના વિકાસ કામોમાં જમીન ગુમાવનારા ખેડૂતોના હિતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આ નિર્ણયને ધારાસભ્ય અને નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ આવકાર્યો છે. ઘણા ખેડૂતોના વિકાસ કામો માટે જમીન સંપાદન થયા બાદ તેમની પાસે ખેડૂત પ્રમાણપત્ર ન હોવાથી તેઓ ખેડૂત તરીકે ઓળખાતા ન હતા. આ સમસ્યાનું નિરાકરણ લાવવા મુખ્યમંત્રીએ નિર્ણય કર્યો છે કે, આવા ખેડૂતો પણ ખેડૂત પ્રમાણપત્ર મેળવી શકશે. આ નિર્ણય મુજબ, જે ખેડૂતોની તમામ જમીન સંપાદિત થઈ ગઈ હોય અને જેમની પાસે ખેડૂત પ્રમાણપત્ર ન હોય તેઓ હવે કલેક્ટર કચેરીમાં અરજી કરીને પ્રમાણપત્ર મેળવી શકશે. આ પ્રમાણપત્ર મળ્યા બાદ તેઓ ત્રણ વર્ષમાં નવી જમીન ખરીદી શકશે. આ ઉપરાંત, જે ખેડૂતોની પાસે એક જ સર્વે નંબરની જમીન બાકી હોય અને તેને બિનખેતી કરી દેવામાં આવી હોય તેવા ખેડૂતો પણ ખેડૂત પ્રમાણપત્ર મેળવી શકશે. આ નિર્ણયથી અનેક ખેડૂતોને રાહત મળશે અને તેઓ ખેતીની જમીન ખરીદી શકશે. કૌશિકભાઈ વેકરીયાએ મુખ્યમંત્રીના આ પ્રજાહિતના નિર્ણય બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે, આ નિર્ણયથી હજારો ખેડૂતોને ફાયદો થશે.

## અવસાન નોંધ

**તોરી**

વડીયા-મોટી કુંકાવાવ તાલુકાના તોરી ગામના શ્રી પરશોતમભાઈ મોહનભાઈ વેકરીયા, શ્રી ભગવાનભાઈ, સ્વ.ધીરૂભાઈ, શ્રી બાબુભાઈ, શ્રી હરસુખભાઈ, શ્રી વજુભાઈના પિતા સ્વ.મોહનભાઈ લવાભાઈ વેકરીયા (ઉ.વ.૧૦૩) સંવત ૨૦૧૮ના કારતક વદ ૧૧ ને મંગળવાર તા.૨૬/૧૧/૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે.




# વડીયાની સરદાર પટેલ વિદ્યાલયના બાળકોની ઈન્ટરનેશનલ કક્ષાએ પસંદગી

વડીયા,તા.૨૯



વડીયાની સરદાર પટેલ વિદ્યાલયના બાલમંદિરથી ધોરણ ૮ સુધીના ૧૨૦ વિદ્યાર્થીઓએ રંગોત્સવ સેલિબ્રેશન મુંબઈ દ્વારા સપ્ટેમ્બરમાં આયોજિત અલગ અલગ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાંથી ૪૦ વિદ્યાર્થીઓએ ગોલ્ડ, સિલ્વર, બ્રોન્ઝ મેડલ, ટ્રોફી, અવનવી ગીફ્ટ અને દરેકે સર્ટીફીકેટ મેળવતા શાળા પરિવાર વતી અભિનંદન આપવામાં આવ્યા હતા. આ તમામ વિદ્યાર્થીઓ ઈન્ટરનેશનલ કક્ષાએ ભાગ લેવા માટે પસંદગી પામ્યા છે. દરેક શિક્ષકે પણ ભાગ લીધો હતો અને સર્ટીફીકેટ અને ઈનામ મેળવ્યા હતા. આ સ્પર્ધા માટે રીમાબેન પંડ્યા, રીચાબેન પંડ્યા, રશ્મિબેન રાખોલીયા, મોનાબેન ઉનડકટ, અમિષાબેન ડોબરિયાએ જહેમત ઉઠાવી હતી

# ધો. ૧૦ અને ધો. ૧૨ના રઘુવંશી વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે ટ્યુશન ક્લાસ શરૂ થશે

**આવતીકાલથી ટ્યુશન ક્લાસ શરૂ કરવામાં આવશે**

ચલાલા, તા.૨૯

અમરેલી જિલ્લા રઘુવીર સેના દ્વારા અમરેલી શહેરમાં પ્રથમ વખત ધો.૧૦ અને ધો.૧૨ના રઘુવંશી વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે ટ્યુશન ક્લાસ શરૂ થશે. ૧ ડિસેમ્બર, ૨૦૨૪થી આ ક્લાસ શરૂ થશે. અમરેલી શહેરમાં અખાડાની સામે ચાઈલ્ડ કેર સ્કૂલમાં ધો.૧૦ માટે બપોરે ૩ થી ૫ અને ધો.૧૨ માટે ૨ થી ૪ કલાક સુધી ટ્યુશન ક્લાસ યોજાશે.

## ઘેસપુર-સોખડા જુથ ગ્રામ પંચાયત

### જાહેર હરાજી

આથી રસ ધરાવતા આસામીઓને જણાવવામાં આવે છે કે,જાફરાબાદ તાલુકાના ઘેસપુર ગામે પ્રાથમિક શાળાના ગ્રાઉન્ડમાં આવેલ જર્જરીત કોમ્યુનીટી હોલ કુલ રૂમ ૧ જે સ્થિતીમાં છે તેજ સ્થિતીમાં જાહેર હરાજી આગામી તા. ૦૪/૧૨/૨૦૨૪ ને બુધવારના રોજ સવારના ૧૧:૦૦ કલાકે ઘેસપુર - સોખડા જુથ ગ્રા.પં. કચેરી (ઘેસપુર પ્રાથમિક શાળામાં) માં રાખેલ છે. તો રસ ધરાવતી પાર્ટીઓએ પથ્થર, દરવાજા, લાકડુ, બારીઓ, ગડદો(બેલા) તેમજ અન્ય કાટમાળ ખસેડી મિલકતની જગ્યા ભોંયતળીયા સુધી ચોખ્ખુ કરવાની જવાબદારી સ્વીકારવાની રહેશે. તેમજ હરાજીમાં ભાગ લેનારે સ્થળ પર રૂપિયા ૫૦૦/-(અંકે પાંચ સો રૂપિયા પુરા) ડીપોઝીટ પેટે ભરવાના રહેશે. જે હરાજીમાં ભાગ લેનારે માન્ય રાખવાના રહેશે. હરાજીની અન્ય શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

નોંધ : ઈમલાની અપસેટ પ્રાઈસ = ૨૫૦૦૦/-

| સચિવ ' વ '<br>તલાટી કમ મંત્રી<br>ઘેસપુર-સોખડા જુથ ગ્રા.પં.<br>તાઃ જાફરાબાદ<br>જીઃ અમરેલી | અધ્યક્ષશ્રી ' વ '<br>સરપંચશ્રી<br>ઘેસપુર-સોખડા જુથ ગ્રા.પં.<br>તાઃ જાફરાબાદ<br>જીઃ અમરેલી |
|---|---|

# દામનગરના જળાશયો ઉંડા ઉતારી સૌની યોજના હેઠળ સમાવેશ કરવા રજૂઆત

દામનગર, તા.૨૯

દામનગરના શહેરી વિસ્તારમાં આવેલા કુંભનાથ, ભુરખીયા સરોવર, જય ભુરખીયા જળ સરોવર, ઠાંસા રોડ ચેકડેમ સહિતના જળ સંસાધન ઉંડા ઉતારી તેનો સૌની યોજનામાં સમાવેશ કરવા દામનગર નગરપાલિકાના પ્રમુખ ગોબરભાઈ નાનજીભાઈ નારોલાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખી રજૂઆત કરી છે.

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

### રૂબરૂ સુનાવણી

નં.જન્મ/મરણ નોંધણી /અરજી નં.૨૪૫/૨૦૨૪ તા.૨૭/૧૧/૨૦૨૪

અરજદારશ્રીઃ- .. ૧. નથવાણી દિનેશભાઈ વ્રજલાલ
રહે. બી-૨૦૨, ચિનમય ટાવર,ગુરૂકુળ રોડ, સુભાષ ચોક, અમદાવાદ

**-//વિરૂધ્ધ//-**

સામાવાળાઃ-........ ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે**
**જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની **પુત્રી મીના દિનેશભાઇ નથવાણીનો જન્મ તા.૦૭/૧૨/૧૯૮૨** ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૧૨/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાનાં હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર)એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

નોંધઃ- (૧) વર્ષઃ ૧૯૮૧ થી ૧૯૮૩ સુધીનું રેકર્ડ રજુ કરવું

આજ તા. ૨૭/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**







## -//મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલા કોર્ટમાં//-

### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી /અરજી નં.૭૮/૨૦૨૪

અરજદારશ્રીઃ- .. શ્રી ગટુભાઈ વિરજીભાઈ ગોઠડીયા,
રહે. વિદ્યુતનગર, કોલેજ પાછળ તા.સાવરકુંડલા જિ.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળાઃ-........ ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે**
**મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના **ધર્મપત્નિ મંજુલાબેન ગટુભાઇ ગોઠડીયાનુ મરણ તા.૨૭/૦૪/૨૦૦૬** ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૧૨/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાનાં હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર)એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ - મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૮/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નોંધઃ- (૧) વર્ષઃ ૨૦૦૫ થી ૨૦૦૭ સુધીનું રેકર્ડ રજુ કરવું

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**







## -//મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલા //-

### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૨૬/૨૦૨૪ તા.૨૮/૧૧/૨૦૨૪

અરજદારશ્રીઃ- ૧. શીલ્પાબેન ધીરૂભાઈ ગજેરા વાઈફ/ઓફ સાવલીયા અશ્વિનભાઈ
રહે. બી-૫૦૮, શીવાલય એપાર્ટમેન્ટ, સી એસ રોડ, માતૃછાયા
કોલેજની સામે, આનંદનગર દહિસર ઈસ્ટ મુંબઈ

**-//વિરૂધ્ધ//-**

સામાવાળાઃ-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી અભરામપરા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે**
**જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી **શીલ્પાબેન ધીરૂભાઇ ગજેરાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૦** ના રોજ મુ. અભરામપરા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૧૨/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાનાં હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર)એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ - મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

નોંધઃ- (૧) વર્ષઃ ૧૯૬૯ થી ૧૯૭૧ સુધીનું રેકર્ડ રજુ કરવું

આજ તા. ૨૮/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**



શહેર ભાજપ મહામંત્રી સહિત ત્રણ લોકો પણ હિચકારા હુમલાના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા

# સા.કુંડલામાં વેપારીઓ પર હુમલાના આરોપીઓનું રિકન્સ્ટ્રકશન કરાયું

અમરેલી,તા.૨૯

સાવરકુંડલા શહેરમાં શહેર ભાજપ મહામંત્રી રાજેશ નાગ્રેચા, વેપારી જગદીશ માધવાણી, તેજસ રાઠોડ પર કેબિન મુકવા બાબતે લોહાણા સમાજની વાડી પાસે બોલાચાલી બાદ કેટલાક શખ્સોએ હુમલો કર્યા હતો. જેને પગલે આરોપીઓ વિરૂદ્ધ કડક કાર્યવાહીની માંગ સાથે હિન્દુ સંગઠનોમાં ભારે રોષ ફેલાયો હતો. તેમજ ગઈકાલે સાવરકુંડલા સજ્જડ બંધ રાખવામાં આવ્યું હતું. બીજી તરફ પોલીસ સ્ટેશનમાં ૫ આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. જે મામલે પોલીસે ત્રણ આરોપીની ધરપકડ કરી હતી. સાવરકુંડલા પોલીસે રહીમ ગોરી, ઈબ્રાહિમ, સાબીદિનની ધરપકડ કરી હતી તેમજ એક અજાણ્યા ઈસમની શોધખોળ હાથ ધરી છે. સાવરકુંડલા શહેરમાં હુમલાની ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો



પડ્યા હતા. આજે પોલીસે ઘટનાની ગંભીરતા સમજી લુહાણા સમાજની વાડી પાસે ઘટના બની તે સ્થળે આરોપીઓને લઈ જઈ રિકન્સ્ટ્રક્શન પંચનામું કર્યું હતું. સેન્સિટીવ વિસ્તાર હોવાને કારણે ફોર્સ બોલાવી પોલીસ બંદોબસ્ત વચ્ચે રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. આરોપીઓએ કેવી રીતે હુમલો કર્યો સહિત માહિતી મેળવી નિવેદન લેવામાં આવ્યા હતા, એ.એસ.પી. વલય વૈદ્ય, ધારી એ.એસ.પી. જયવીર ગઢવી, સ્પેશ્યલ ઓપરેશન બ્રાન્ચ પી.આઈ. ટીમ, સાવરકુંડલા ટાઉન અને રૂરલ પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ દ્વારા કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે બંદોબસ્ત ગોઠવ્યો હતો.

# અમરેલી શહેરમાં બાળમેળો યોજાયો : બાળકોએ સાંસ્કૃતિક કલાકૃતિઓ રજૂ કરી

અમરેલી,તા.૨૯

અમરેલી જિલ્લા પંચાયત, મહિલા અને બાળ વિકાસ વિભાગ, આઈ.સી.ડી.એસ.ના સંયુક્ત ઉપક્રમે અમરેલી શહેરમાં બાળમેળો યોજાયો હતો. આંગણવાડીના બાળકોના સર્વાંગી વિકાસની નેમ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં આંગણવાડીના વિવિધ ઘટકો દ્વારા તૈયાર કરવામાં આવેલી કૃતિઓની પ્રદર્શનીને ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી



નિયામક કે.જે. જાડેજાએ ખુલ્લી મૂકી હતી. લાઠી-બાબરા ધારાસભ્ય જનકભાઈ તળાવીયા અને મહિલા અને બાળ વિકાસ અને યુવા શ્રમ પ્રવૃત્તિ શાખાના ચેરમેન નિતાબેન ચાવડાની ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમમાં આંગણવાડીના બાળકો અને પ્રિ-સ્કૂલ ઈન્સ્ટ્રક્ટરે જ્ઞાન સાથે ગમ્મત પીરસતી સાંસ્કૃતિક કલાકૃતિઓ પ્રસ્તુત કરી હતી.

# બગસરામાં જાહેરમાં ઝઘડો કરતાં ઈસમો સામે કાર્યવાહી

**બનાવ અંગે હેડ કોન્સ્ટેબલ એસ.એચ. મીંગે તપાસ હાથ ધરી**

બગસરા, તા.૨૯

બગસરામાં જાહેરમાં ઝઘડો કરતાં ત્રણ ઈસમો સામે પોલીસે કાર્યવાહી કરી હતી. સાબીરભાઈ રહીમભાઈ કાળવાતર (ઉ.વ.૨૯), વાહીદભાઈ રહીમભાઈ કાળવાતર (ઉ.વ.૩૧) એક પ્રૌઢને ઓમકાર પેટ્રોલપંપ પાસે જાહેર રોડ ઉપર જોર-જોરથી બોલી અંદરો-અંદર છુટા હાથની મારામારી કરી ઝઘડો કરતા હતા. જેને લઈ બજારમાં અવરજવર કરતા રાહદારીઓની જાહેર સુલેહ શાંતિમાં ખલેલ પડતી હતી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.એચ. મીંગ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ કચેરી દ્વારા કલા મહાકુંભ યોજાશે

અમરેલી,તા.૨૯

ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર દ્વારા અને અમરેલી જિલ્લા વહીવટી તંત્રની રાહબરી હેઠળ તેમજ અમરેલી જિલ્લા યુવા વિકાસ કચેરી, અમરેલી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ કચેરી દ્વારા કલા મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું છે. તાલુકા અને જિલ્લા કક્ષાએ યોજાનાર સ્પર્ધાઓ માટે ઓફ લાઈન રજિસ્ટ્રેશન ફોર્મ ડિસેમ્બર-૨૦૨૪ની તા.૦૧ થી તા.૨૦ દરમિયાન મળશે. કલા મહાકુંભમાં વિવિધ ૩૭ સાંસ્કૃતિક કૃતિઓમાં ચાર વયજૂથ છે. વયજૂથ ૬ થી ૧૪ વર્ષ, ૧૫ થી ૨૦ વર્ષ, ૨૧ થી ૫૯ વર્ષ અને ૬૦ વર્ષથી ઉપરના વયજૂથમાં સ્પર્ધા યોજાશે. તાલુકા કક્ષાએથી શરુ થતી ૧૪ કૃતિમાં, સુગમ સંગીત, સમૂહગીત, લગ્નગીત, લોકગીત/ભજન, ગરબા, લોકનૃત્ય, રાસ, એકપાત્રીય અભિનય, તબલા, હાર્મોનિયમ(હળવું), ભરતનાટ્યમ, વકતૃત્વ, ચિત્રકલા અને નિબંધ સ્પર્ધા છે. સીધી જિલ્લા કક્ષાએથી શરુ થતી ૦૯ કૃતિમાં, સ્કૂલબેન્ડ, લોકવાર્તા, દુહા-છંદ-ચોપાઈ, કથ્થક, કાવ્યલેખન, ગઝલ-શાયરી, સર્જનાત્મક કારીગરી, શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિન્દુસ્તાની) અને ઓર્ગન, તેમજ સીધી પ્રદેશ કક્ષાએથી શરુ થતી ૦૭ સ્પર્ધાઓમાં ઓડીસી, કુચીપુડી, સિતાર, ગીટાર, વાંસળી અને સીધી રાજ્ય કક્ષાએથી શરુ થતી ૦૭ સ્પર્ધાઓમાં, પખવાજ, મૃદંગમ, સરોદ, સારંગી, ભવાઈ, જોડિયાપાવા, રાવણ હથ્થો સહિતની કૃતિઓ યોજાશે.

# લુણીધાર ગામે ગાય સાથે બાઈક અથડાતા ઈજાગ્રસ્ત યુવકનું સારવારમાં મોત

વડીયા, તા.૨૯

વડીયાના લુણીધાર ગામે ગાય સાથે બાઈક અથડાયા બાદ ઈજાગ્રસ્ત થયેલા યુવકનું સારવારમાં મોત થયું હતું. બનાવ અંગે છોટા ઉદેપુરના અને હાલ લુણીધાર ગામે વાડીએ રહેતા દુરસીંગભાઈ બચુભાઈ ધાણકા (ઉ.વ.૩૦) એ જાહેર કર્યા મુજબ, છોટા ઉદેપુરના લીંડી ફળીયાના અને રાજુભાઈ ઉકાભાઈ વેગડની વાડીએ રહેતા ભીમસીંગ ગુલજીભાઈ ધાણકા (ઉ.વ.૩૦) તેમની બાઈક લઈને પસાર થતાં હતા ત્યારે ગાય સાથે અથડાતાં નીચે પડી જવાથી માથાના પાછળના ભાગે હેમરેજ જેવી ગંભીર ઈજા થતાં સારવાર અર્થે ખસેડાયા હતા. સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.પી. ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના છતડીયા ગામે વીડિયો લાઈવ કરી જાનથી મારવાની ધમકી આપી

**જુની અદાવતમાં વીડિયો લાઈવ કરી ગોળી મારવાની વાતો કરતા પોલીસ ફરિયાદ**

રાજુલા, તા.૨૯

રાજુલાના છતડીયા ગામે વીડિયો લાઈવ કરી પુરુષને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. પ્રતાપભાઈ મેરામભાઈ ધાખડાએ વડ ગામે રહેતા શિવરાજભાઈ વાલાભાઈ ધાખડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ભાણા સાહેદ મહીપતભાઈ વાળાએ આરોપી વિરૂધ્ધમાં મારામારી અને લૂંટની ફરિયાદ કરી હતી. જેનું મનદુઃખ રાખી આરોપીએ પોતાના મોબાઈલ ફોનના ઈન્સ્ટાગ્રામમાં લાઈવ થઈ તેમને તથા તેના પરિવાર વિશે ખરાબ અશ્લીલ શબ્દોમાં, જેમ ફાવે તેમ બોલી તેમજ બીભત્સ ગાળો બોલી તેની માતાના ચારિત્ર્ય વિશે ખરાબ અપશબ્દો બોલી આળ મુક્યું હતું. જેમ ફાવે તેમ બોલી જાહેરમાં ફોલોઅર્સ લાઈવ વીડિયો જોઈ શકે તે રીતે આરોપીએ વીડિયો લાઈવ કરી તેમજ આરોપીએ આંગળીથી ઈશારા કરી, ગોળી મારવાની અને વાત-વાતમાં જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# બાબરાના કરીયાણા ગામે માતાજીના મંદિરના ઓટા પાસે જુગાર રમતાં ૩ ઝડપાયા

**બે ઈસમો ડુંગરમાં ભાગી ગયા**

બાબરા, તા.૨૯

બાબરાના કરીયાણા ગામે ડુંગર ઉપર ખોડીયાર માતાના ઓટા પાસે જુગાર રમતાં ત્રણ ઈસમો પકડાયા હતા. જ્યારે બે ફરાર થઈ ગયા હતા. પોલીસે કુલ ૩૩૪૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. વિક્રમભાઈ ખોડાભાઈ જાદવ, પાંચાભાઈ કરશનભાઈ વાટુકીયા, બીજલભાઈ કડવાભાઈ કાગડ, મુન્નાભાઈ લખુભાઈ વિછીયા તથા મેહુલભાઈ પરશોતમભાઈ દાહોડીયા કરીયાણા ગામે ડુંગર ઉપર ખોડીયાર માતાના ઓટા પાસે તીનપત્તીનો જુગાર રમતા હતા ત્યારે પોલીસ ત્રાટકી હતી. જેમાંથી ત્રણ ઝડપાયા હતા અને બે ઈસમો ડુંગરમાં ફરાર થઈ ગયા હતા. પોલીસે રોકડા રૂા.૩૩૪૦ જપ્ત કરી કાર્યવાહી કરી હતી. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ પી.એ. ગોહિલ વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાં કેફી પીણું પીને ફરતાં ૫ પકડાયા

અમરેલી, તા.૨૯

અમરેલી જિલ્લામાંથી પોલીસે ૫ લોકોને કેફી પીણું પીને જાહેરમાં ફરતા ઝડપી પાડ્યા હતા. ખડાધાર ચેક પોસ્ટ પરથી બે, ચમારડી, વાંકીયા અને અમરેલીમાંથી એક-એક મળી પાંચ ઈસમો નશાની હાલતમાં પકડાયા હતા. બાબરા, લીલીયા અને અમરેલીમાંથી એક-એક ઈસમ કેફી પીણું પીધેલી હાલતમાં વાહન ચલાવતા મળી આવ્યા હતા. જિલ્લામાં છ જગ્યાએથી ૩૦ લીટર દેશી દારૂ મળ્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: ચૌદસ
તા. ૩૦-૧૧-૨૦૨૪, શનિવાર, સૂર્યોદય-૦૬:૫૫, સૂર્યાસ્ત-૦૫:૨૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: વિશાખા

## દૈનિક રાશિફળ

તા.૩૦-૧૧-૨૦૨૪ શનિવાર

મેષ: આજે તમામ કામ પૂર્ણ મહેનતથી કરશો, જેના કારણે દિવસભર લાભની તકો મળશે. તમે પરિવારમાં શાંતિ અને સ્થિરતાનો આનંદ મેળવશો.

વૃષભ: આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે, કોઈ મોટું કામ કરતા પહેલાં અનુભવી લોકો સાથે સલાહ લેવાનું નિશ્ચિત કરો.

મિથુન: આજનો દિવસ સામાન્ય રહેશે. ભાગીદારીમાં કરવામાં આવતા ધંધામાં ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજ પતાવવાની આજે સુવર્ણ તક છે.

કર્ક: કાર્યક્ષેત્રમાં આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર કેન્દ્રિત રહેશે અને તમને અધિકારીઓનો પૂરો સહયોગ પણ મળશે.

સિંહ: ઉતાવળમાં કોઈ કાર્ય કરવાનું ટાળો, નહીં તો મુશ્કેલી વધી શકે છે, અધિકારીઓ સાથેના સંબંધો સુધરશે અને રોજગારની સ્થિતિમાં સુધાર થશે.

કન્યા: ધંધાના મામલામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની સંભાવના છે. રોજિંદા કાર્યોથી આગળ કંઈક નવું કરવાનો પ્રયાસ કરો.

તુલા: આજે તમને રચનાત્મક કાર્ય કરવાનું મન થશે. આજે તમારી આસપાસનું વાતાવરણ હળવું બનશે. દિવસના પહેલા ભાગમાં થોડી મૂંઝવણ રહેશે.

વૃશ્ચિક: આજે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે ખાસ ધ્યાન રાખશો. તમારા આહારમાં બેદરકાર ના બનો. બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ ફાયદાકારક રહેશે.

ધન: વ્યસ્તતા દિવસભર રહેશે પરંતુ ધાર્મિક કાર્યો માટે સમય કાઢશો. જીવનસાથી તમને કાર્યક્ષેત્રમાં દગો આપી શકે છે, તેથી કાળજીપૂર્વક કામ કરો.

મકર: કૌટુંબિક ખર્ચામાં વધારો થવાને કારણે તમે દબાણનો અનુભવ કરી શકો છો. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક અડચણોનો સામનો કરવો પડી શકે છે.

કુંભ: આર્થિક મામલામાં સ્પષ્ટતાના અભાવને કારણે કોઈ પ્રિયજન સાથે વિવાદ થઈ શકે છે. પરસ્પર વાટાઘાટો, વ્યવહારમાં સંયમ અને સાવચેતી રાખવી.

મીન: ધંધામાં ઝડપથી નિર્ણયો નહીં લેવાને કારણે કોઈ અવરોધ અથવા નુકસાન થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મોટાભાગની યોજનાઓ સફળ થશે.

અરોમા પ્રિમીયમ બોડી સ્પા
ધમાકા ઓફર
AROMA PREMIUM BODY SPA
ધમાકા ઓફર

લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઈન્ટમેન્ટ માટે
M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે,
કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Dream Family spa
Ladies & Gents

ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.

## મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કચેરી બગસરા

જન્મ-મરણ રજી નં.૩૩/૨૪ તા.૨૬/૧૧/૨૦૨૪

**અરજદાર:-** ૧) શ્રી કાનાણી રળિયાતબેન વિઠલભાઈ
રહે.ચારણપીપળી, તા.બગસરા, જિ.અમરેલી
૨) વિવાદીશ્રીના વકીલશ્રી ફારૂકભાઈ ઠેબા
મું.તા.બગસરા

- //વિરૂધ્ધ//-

**સામાવાળા:-** જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
વ
તલાટી-કમ-મંત્રીશ્રી,ચારણપીપળી,તા.બગસરા, જિ.અમરેલી

**-// નોટીસ //-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના રહીશ શ્રી કાનાણી રળિયાતબેન વિઠલભાઈએ તેમના ભત્રીજીશ્રી મંજુલાબેન મધુભાઈ કાનાણીનો જન્મ તા.૦૧/૦૧/૧૯૬૦ના રોજ બગસરા તાલુકાના ચારણપીપળી મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં ભત્રીજીની જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૧૨/૨૦૨૪ના રોજ ૧૨:૦૦ કલાક સુધીમાં વાંધો તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
બગસરા

## મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કચેરી બગસરા

જન્મ-મરણ રજી નં.૩૩/૨૪ તા.૨૫/૧૧/૨૦૨૪

**અરજદાર:-** ૧) શ્રી કાંતાબેન રવજીભાઈ ખેતાણી
રહે.શીલાણા, તા.બગસરા, જિ.અમરેલી
૨) વિવાદીશ્રીના વકીલશ્રી ફારૂકભાઈ ઠેબા
મું.તા.બગસરા

- //વિરૂધ્ધ//-

**સામાવાળા:-** જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
વ
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, શીલાણા,તા.બગસરા, જિ.અમરેલી

**-// નોટીસ //-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના રહીશ શ્રી કાંતાબેન રવજીભાઈ ખેતાણીએ તેમના ભત્રીજીશ્રી રેખાબેન પુનાભાઈ ખેતાણીનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૬ના રોજ બગસરા તાલુકાના બગસરા મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં ભત્રીજીની જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૧૨/૨૦૨૪ના રોજ ૧૨:૦૦ કલાક સુધીમાં વાંધો તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
બગસરા

## મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કચેરી બગસરા

જન્મ-મરણ રજી નં.૩૨/૨૪ તા.૨૫/૧૧/૨૦૨૪

**અરજદાર:-** ૧) શ્રી ભુવા સુરેશભાઈ કેશુભાઈ ઉર્ફે કેશવભાઈ
રહે.ગોકુળપરા,શિક્ષક સોસાયટી,તા.બગસરા, જિ.અમરેલી
૨) વિવાદીશ્રીના વકીલશ્રી ફારૂકભાઈ ઠેબા
મું.તા.બગસરા

- //વિરૂધ્ધ//-

**સામાવાળા:-** જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
વ
ચીફ ઓફીસરશ્રી, નગર પાલિકા કચેરી,બગસરા, જિ.અમરેલી

**-// નોટીસ //-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના રહીશ શ્રી સુરેશભાઈ કેશુભાઈ ઉર્ફે કેશવભાઈ ભુવાએ તેમના ભાઈશ્રી દિનેશભાઈ કેશવભાઈ ભુવાનુ મરણ તા.૦૫/૦૬/૧૯૮૯ના રોજ બગસરા તાલુકાના બગસરા મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં ભાઈની મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૧૨/૨૦૨૪ના રોજ ૧૨:૦૦ કલાક સુધીમાં વાંધો તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
બગસરા

તંત્રી લેખ

# વાયુ પ્રદૂષણને ચોક્કસ નિવારી શકાય છે

માત્ર દિલ્હી નહીં પરંતુ જગતના મોટાભાગના મહાનગરોમાં વાયુ પ્રદૂષણ એક ગંભીર સમસ્યા બની ચૂકી છે. આ પ્રદૂષણને ચોક્કસ નિવારી શકાય છે. વાયુ પ્રદૂષણ એ એક ગંભીર મુદ્દો છે જે જાહેર આરોગ્ય અને પર્યાવરણ માટે નોંધપાત્ર જોખમો ઉભા કરે છે. તે વૈશ્વિક સમસ્યા છે જે વિશ્વભરમાં લાખો લોકોને અસર કરે છે. જે વિવિધ શ્વસન રોગો, રક્તવાહિની સમસ્યાઓ અને અકાળ મૃત્યુ તરફ દોરી જાય છે. વાયુ પ્રદૂષણના કારણો અને પરિણામોનું અન્વેષણ કરવુ જરૂરી છે. તેમજ તેની હાનિકારક અસરોને ઘટાડવા માટે સંભવિત ઉકેલોની દિશામાં કામ કરવું જરૂરી છે.

વાયુ પ્રદૂષણના પ્રાથમિક કારણોમાંનું એક ઉર્જા ઉત્પાદન અને પરિવહન માટે અશ્મિભૂત ઇંધણનું બર્નિંગ છે. કોલસો, તેલ અને ગેસનું દહન વાતાવરણમાં સલ્ફર ડાયોક્સાઇડ, નાઇટ્રોજન ઓક્સાઇડ અને રજકણ જેવા હાનિકારક પ્રદૂષકોને મુક્ત કરે છે. આ પ્રદૂષકો હવામાં રહેલા અન્ય રસાયણો સાથે પ્રતિક્રિયા કરીને ધુમ્મસ અને એસિડ વરસાદની રચના કરી શકે છે, જે માનવ સ્વાસ્થ્ય અને ઈકોસિસ્ટમ પર હાનિકારક અસરો કરી શકે છે. વાયુ પ્રદૂષણનો બીજો મુખ્ય સ્ત્રોત વાહનોનું ઉત્સર્જન છે, ખાસ કરીને ડીઝલથી ચાલતા વાહનોમાંથી. એક્ઝોસ્ટના ધૂમાડામાં કાર્બન મોનોક્સાઇડ, અસ્થિર કાર્બનિક સંયોજનો અને સૂક્ષ્મ કણો જેવા ઝેરી પદાર્થો હોય છે જે ફેફસાંમાં ઊંડે સુધી પ્રવેશી શકે છે અને શ્વસન સમસ્યાઓનું કારણ બને છે. ભારે ટ્રાફિકની ભીડ ધરાવતા શહેરી વિસ્તારોમાં, હવાની ગુણવત્તા ઘણીવાર નોંધપાત્ર રીતે બગડે છે, જે રહેવાસીઓના સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમ ઊભું કરે છે. ઔદ્યોગિક પ્રવૃત્તિઓ પણ અસ્થિર કાર્બનિક સંયોજનો (VOCs), ભારે ધાતુઓ અને ગ્રીનહાઉસ વાયુઓ જેવા પ્રદૂષકોના પ્રકાશન દ્વારા વાયુ પ્રદૂષણમાં નોંધપાત્ર ફાળો આપે છે. મોટા પ્રમાણમાં પ્રદૂષકોનું ઉત્સર્જન કરતી ફેક્ટરીઓ નજીકની હવાની ગુણવત્તા અને પાણીના સ્ત્રોતોને દૂષિત કરી શકે છે, જે માત્ર માનવ સ્વાસ્થ્યને જ નહીં પરંતુ આસપાસના વિસ્તારોમાં વન્યજીવન અને વનસ્પતિને પણ અસર કરે છે. વાયુ પ્રદૂષણના પરિણામો દૂરગામી અને ચિંતાજનક છે. અભ્યાસોએ દર્શાવ્યું છે કે પ્રદૂષિત હવાના લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી અસ્થમા, ફેફસાના કેન્સર, હૃદય રોગ, સ્ટ્રોક અને અન્ય ગંભીર આરોગ્ય સ્થિતિઓનું જોખમ વધી શકે છે.

નુકસાન કે બીમારીના ભય વિના દરેક વ્યક્તિ તાજી હવામાં શ્વાસ લઈ શકે છે. પાટનગર નવી દિલ્હીમાં પ્રદૂષણને ઘટાડવા માટે પાણીનો સ્પ્રે કરતી સિસ્ટમ ઉપયોગ કરવામાં આવી છે. આ ઉપરાંત પ્રદૂષણ ઘટાડતા ટાવરો પણ દિલ્હીમાં ઘણી જગ્યાએ ઊભા કરવામાં આવ્યા છે આમ છતાં પ્રદૂષણનું પ્રમાણ ઘટતું નથી.આથી ક્લાઉડ સીડીંગ કરીને કૃત્રિમ વરસાદનો પ્રયોગ પણ વિચારવામાં આવેલો પરંતુ આ માટે વરસાદી વાદળા હોવા જરૂરી છે. દિલ્હીનું પ્રદૂષણ ઓટોમોબાઈલથી વધુ થાય છે આ ઉપરાંત ઈન્ડસ્ટ્રીયલ પોલ્યુશન પણ મોટા પ્રમાણમાં થઈ રહ્યું છે ખાસ કરીને થર્મલ પાવર સ્ટેશનો અને ખેડૂતો દ્વારા બાળવામાં આવતા એગ્રીકલ્ચર વેસ્ટને કારણે પણ દિલ્હી સહિતના શહેરોમાં મોટા પ્રમાણમાં પ્રદૂષણ થઈ રહ્યું છે. દિલ્હીના, યુપીના પ્રદૂષણ માટે પાકિસ્તાન પણ જવાબદાર છે. પાકિસ્તાનનું હવાનું પ્રદૂષણ પવનથી ઉત્તર ભારત સહિતના વિસ્તારોમાં ફરી વળે છે આ એકદમ ગંભીર સમસ્યા છે.

# ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તા વિશ્વસ્તરીય બનાવવામાં આવે તો જ રાષ્ટ્ર પ્રગતિ સાધી શકે

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

શિક્ષણનો હેતુ કૌશલ્ય અને નિપુણતાથી સારો માનવી બનાવવાનો છે. શિક્ષકો દ્વારા પ્રબુદ્ધ મનુષ્યનું નિર્માણ થઈ શકે છે તેમ પૂર્વ રાષ્ટ્રપતિ અને મહાન વૈજ્ઞાનિક ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે કહ્યું હતું. ભારતની જે પ્રતિભા છે એ ભારતમાં જ રહીને ભવિષ્યની પેઢીઓનો વિકાસ કરે. રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં શિક્ષક-પ્રશિક્ષણ પર વધુ મહત્ત્વ અપાયું છે. તેઓ પોતાની કુશળતાઓને સતત વિકસાવતા રહે તેના પર પણ વધુ ભાર અપાયો છે. ત્યારે જ રાષ્ટ્ર નેતૃત્વ કરે છે જ્યારે શિક્ષક સતત અધ્યયન કરતો રહે છે.

આઝાદી બાદ ઉચ્ચ શિક્ષણક્ષેત્રે દેશે મોટી પ્રગતિ સાધી છે, તેમ કહીએ તો કશું ખોટું નથી. ઈ.સ. ૧૮૫૭માં કલકત્તા, મુંબઈ અને મદ્રાસ એમ ત્રણ સ્થળોએ યુનિવર્સિટીઓની સ્થાપના થઈ. ત્યારબાદ ૧૮૮૨માં પંજાબ યુનિવર્સિટી અને ૧૮૮૭માં અલ્હાબાદ યુનિવર્સિટીની સ્થાપના થઈ. આઝાદી સમયે(૧૯૪૭) દેશમાં ૧૯ યુનિવર્સિટીઓ હતી. ભારતમાં હાલ આશરે ૧૦૫૦ જેટલી યુનિવર્સિટીઓ, ૪૩,૦૦૦ થી વધુ કોલેજો, ૧૫ લાખથી વધુ અધ્યાપકો અને પાંચ કરોડ જેટલા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણક્ષેત્રે છે. ઈ.સ. ૨૦૩૧ સુધીમાં ૫,૦૦૦ થી વધુ યુનિવર્સિટીઓમાં ૧૦ કરોડથી વધુ વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ કરી રહ્યા હશે, એવું અનુમાન છે.

'શિક્ષણ' છે તો એક નાનો શબ્દ, પણ તેનાથી થતા લાભ અગણિત છે. શિક્ષણ આપણને અનેક પ્રકારનું જ્ઞાન અને કૌશલ્ય પ્રદાન કરે છે. શિક્ષણ મનુષ્યના જીવનનો માર્ગ પ્રશસ્ત કરે છે. શિક્ષણ દ્વારા સંસ્કાર આવે છે. સંસ્કારની સાથે માનવતા, વિનમ્રતા અને જીવન જીવવાની એક પદ્ધતિનો માનવીમાં વિકાસ થાય છે. શિક્ષણ મનુષ્યને સમાજમાં પ્રતિષ્ઠિત કરવાનું કામ કરે છે. તેનાથી મનુષ્યમાં માનવતા આવે છે. આ શીખવાની નિરંતર અને ધીમી પ્રક્રિયા છે, જે આપણને જ્ઞાન પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. આ નિરંતર ચાલનારી પ્રક્રિયા છે. શિક્ષણ આપણને જીવનના કઠિન સમયમાં આપત્તિઓનો સામનો કરવામાં સહાય કરે છે. જીવનમાં ઉમદા સંભાવનાઓ પ્રાપ્ત કરવાના અવસરો માટે વિભિન્ન દરવાજા ખોલવામાં શિક્ષણ મદદ કરે છે, જેનાથી કારકિર્દીના વિકાસમાં ઉત્તરોત્તર પ્રગતિ થાય. શિક્ષણનું પ્રથમ અને અંતિમ લક્ષ્ય વ્યક્તિનો સર્વાંગીણ વિકાસ કરવાનું છે. આમાં ઉમદા વ્યક્તિત્વનું નિર્માણ પણ સામેલ છે. શિક્ષણથી સમાજના દરેક લોકોમાં જાગરુકતા આવે છે અને ધીરે ધીરે સમાજમાં સારું પરિવર્તન થતું રહે છે.

પ્રાચીન સમયમાં ભારતમાં તપોવન સંસ્કૃતિ હતી જેમાં શિક્ષણ જીવનનો એક ભાગ હતુ. જે શિક્ષણ જીવનલક્ષી હતું, સમાજલક્ષી હતું, ધર્મનું પાલન હતું પરંતુ હવે શિક્ષણના મૂલ્યો બદલાયા છે. આપણા દેશમાં શિક્ષણને વ્યક્તિના જીવનનો એક મહત્ત્વપૂર્ણ હિસ્સો માનવામાં આવે છે. યોગ્ય શિક્ષણથી દેશનો વિકાસ થાય છે. આ વિકાસથી આપણા સ્વતંત્ર ભારતમાં સન ૧૯૫૧માં દેશમાં 'ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન' (આઈ.આઈ.ટી.) શરૂ થયું.



આપણા દેશમાં એજ્યુકેશન ઈન્ટ્રાસ્ટ્રક્ચર નબળું છે મતલબ કે ગ્રંથાલયો, પુસ્તકો, પ્રયોગશાળાઓ, શૈક્ષણિક સાધનો, આવશ્યક ભૌતિક સંસાધનો અને પૂરતી સંખ્યામાં અધ્યાપકો ન હોવાથી ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તા લાવી શકાતી નથી. આની સામે બે પ્રશ્નો રજૂ કરવાનું મન થાય છે. એક, જો દેશની ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓમાં ઉપર્યુક્ત આવશ્યકતાઓ પરિપૂર્ણ કરવામાં આવે તો ઉચ્ચ શિક્ષણમાં 'વર્લ્ડક્લાસ' ગુણવત્તા લાવી શકાશે, એવું ખાતરીપૂર્વક કહી શકાય તેમ નથી. હાલ કેટલીક સંસ્થાઓમાં ઉપર્યુક્ત આવશ્યક જરૂરિયાતો પરિપૂર્ણ છે, છતાં તેમાં સંતોષકારક ગુણવત્તા શા માટે નથી?

આ બંને પ્રશ્નો અણઉકેલ છે. આમ છતાં માનવજીવનને વધુને વધુ સમૃદ્ધ બનાવવામાં શિક્ષણનો મહત્તમ ફાળો રહ્યો છે. આથી જ તો શિક્ષણમાં સતત ફેરફારો થતા રહ્યા છે. પ્રાથમિક શિક્ષણથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધીના પ્રત્યેક કક્ષાના શિક્ષણને વધુને વધુ ઉપયોગી બનાવવા માટેના સતત પ્રયત્નો થયા છે અને થતા રહેશે. આઝાદી પહેલાની લગભગ પોણા બે સદીથી અત્યાર સુધી આપણા દેશમાં શિક્ષણ અંગે ઘણું વિચારાયેલું છે. જેને મુખ્ય બે પાસાઓમાં કહી શકાય. એક, જરૂરિયાત અનુસાર વિદ્યાર્થીઓને શિક્ષણ મળે તે માટેના આવશ્યક ભૌતિક, શૈક્ષણિક તેમ જ માનવ સંસાધનો ઊભાં કરવાં. બીજું, વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા વિકસાવવી. આપણા દેશમાં સંસાધનો તૈયાર કરવામાં પ્રમાણમાં સફળતા મળી છે જ્યારે શિક્ષણમાં ગુણવત્તા લાવવાનું કાર્ય હંમેશાં કઠિન રહ્યું છે. વિદ્યાર્થીઓ માટેના ઔપચારિક શિક્ષણને વિવિધ કક્ષાઓમાં દર્શાવાય છે. જેમાં સામાન્યતઃ પૂર્વપ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચમાધ્યમિક, સ્નાતક અને અનુસ્નાતક સહિતનું ઉચ્ચ શિક્ષણ એમ કક્ષાઓમાં દર્શાવાય છે. વિદ્વાન શિક્ષણશાસ્ત્રીઓ અને શિક્ષણચિંતકોના મતે સમગ્ર શિક્ષણ વ્યવસ્થાને ગુણવત્તાસભર બનાવવા માટે વિદ્યાર્થીઓને અપાતું ઉચ્ચ શિક્ષણ ગુણવત્તાયુક્ત હોવું ખૂબ જ જરૂરી છે. અન્યથા નબળી ગુણવત્તાવાળા ઉચ્ચ શિક્ષણની અસર તેની નીચેનાં સ્તરોના શિક્ષણની ગુણવત્તા પર પડશે. આના મુખ્ય બે કારણો આપી શકાય. એક, સામાન્યતઃ લોકો પોતાની ઉપરના સ્તરની પ્રણાલીકાઓને અને વ્યવસ્થાને અનુસરતા હોય છે. બીજું, ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓનો ઉપયોગ નીચેની કક્ષાએ શિક્ષણ આપવામાં થતો હોય છે.

વિદેશમાંથી ભણવા આવતા વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ ઓછી છે બીજી બાજુ વિદેશમાંથી સારવાર કરવા આવનારા દર્દીઓની સંખ્યા વધતી જાય છે કારણ કે અહીં સારવાર સસ્તી છે, ગુણવત્તા શ્રેષ્ઠ છે. શિક્ષણ ક્ષેત્રે આપણે વિદેશી વિદ્યાર્થીઓને આકર્ષી શક્યા નથી. જ્યારે બીજી તરફ 'ઈન્ડિયન સ્ટુડન્ટ મોબિલિટી રિપોર્ટ-૨૦૨૩' અનુસાર ૨૦૧૯ના વર્ષમાં ૧૦.૯૦ લાખ ભારતીય વિદ્યાર્થીઓ ભણવા માટે વિદેશ ગયા હતા. વર્ષ ૨૦૨૨માં આ સંખ્યા વધીને ૧૩.૨૪ લાખ થઈ હતી. વર્ષ ૨૦૨૫ સુધીમાં આ સંખ્યા ૨૦ લાખથી વધી જશે તેવું અનુમાન છે. વિદેશોમાં અભ્યાસ માટે ભારતીય વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતો કુલ ખર્ચ ૨૦૨૫ સુધીમાં અંદાજે ૭૦ અજબ ડોલર થશે તેવી ધારણા છે. ભારતમાંથી બુદ્ધિ ધન સતત રીતે બહાર ઠલવાતું રહે છે. હવે આ બૌદ્ધિક હિજરતનો વેગ વધ્યો છે. હોંશિયાર વિદ્યાર્થીઓને વિદેશમાં જવું છે. જ્યારે કેટલાક વિદ્યાર્થીઓને ભારત બહાર જઈને હોંશિયાર થઈ જવું છે. નાના નાના ગામોમાં પણ વીઝા મેળવવા માટે માર્ગદર્શન આપતા એજન્ટ હોય છે. બુદ્ધિશાળી વિદ્યાર્થીઓ દેશ છોડી જતા હોય છે તેને કારણે દેશને મોટું નુકસાન થાય છે. આ બાબત 'બ્રેઈન ડ્રેઈન' તરીકે ઓળખાય છે. આથી જ ભારતના તેજસ્વી વિદ્યાર્થીઓ આપણા દેશમાં રહીને સ્વ વિકાસ કરે અને રાષ્ટ્રના ઘડતરમાં પોતાનું અમૂલ્ય પ્રદાન કરે તેવી અપેક્ષા રાખવામાં આવે તે ખોટું નથી. ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તા આજની તારીખે અત્યંત જરૂરી છે.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૬૫ | ૧૫૦૨ |
| ઘઉં લોકવન | ૫૭૧ | ૬૦૯ |
| ઘઉં ટુકડા | ૫૮૦ | ૬૫૦ |
| જુવાર સફેદ | ૭૧૧ | ૭૮૬ |
| જુવાર લાલ | ૭૦૦ | ૯૦૦ |
| જુવાર પીળી | ૪૧૫ | ૪૯૦ |
| બાજરી | ૪૬૮ | ૫૩૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૯૫૦ |
| ચણા પીળા | ૧૧૩૦ | ૧૩૦૦ |
| ચણા સફેદ | ૧૫૦૦ | ૨૭૦૦ |
| અડદ | ૧૨૫૦ | ૧૮૦૦ |
| મગ | ૧૦૫૦ | ૧૬૪૩ |
| વાલ દેશી | ૧૧૦૦ | ૧૮૦૦ |
| વાલ પાપડી | ૧૧૦૦ | ૧૭૫૦ |
| ચોળી | ૧૬૦૦ | ૨૯૦૦ |
| મઠ | ૯૦૦ | ૧૧૬૦ |
| કળથી | ૯૫૦ | ૧૧૫૦ |
| મગફળી જાડી | ૮૭૫ | ૧૨૧૫ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૨૩૧ |
| તલી | ૨૧૦૦ | ૨૮૦૦ |
| એરંડા | ૯૫૦ | ૧૨૩૪ |
| સોયાબીન | ૭૯૦ | ૮૭૧ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૩૦ |
| કાળા તલ | ૨૯૦૦ | ૪૪૪૪ |
| લસણ | ૪૦૦૧ | ૬૦૦૦ |
| ધાણા | ૧૪૦૦ | ૧૪૬૦ |
| મરચા સુકા | ૧૫૦૦ | ૩૦૦૦ |
| ધાણી | ૧૪૦૦ | ૧૫૫૦ |
| વરીયાળી | ૧૦૬૦ | ૧૨૫૪ |
| જીરૂ | ૪૧૫૦ | ૪૬૫૮ |
| રાય | ૧૦૬૦ | ૧૩૨૫ |
| મેથી | ૧૦૩૦ | ૧૩૨૦ |
| રાયડો | ૧૦૪૦ | ૧૧૪૦ |
| રજકાનું બી | ૪૩૦૦ | ૫૧૦૫ |
| ગુવારનું બી | ૮૮૦ | ૯૩૧ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૩૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૬૯૦ |
| ટમેટા | ૬૦૦ | ૮૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૩૦૦ | ૬૦૦ |
| મુળા | ૧૫૦ | ૩૦૦ |
| રીંગણા | ૨૨૦ | ૪૧૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૮૦ |
| ફ્લાવર | ૨૫૦ | ૪૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૨૦૦ |
| ચોળાસીંગ | ૪૦૦ | ૬૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૭૦૦ |
| ટીંડોળા | ૩૩૦ | ૭૨૦ |
| દુધી | ૮૦ | ૧૨૦ |
| કારેલા | ૩૨૦ | ૬૧૦ |
| સરગવો | ૧૨૦૦ | ૪૪૦૦ |

| | | |
|---|---|---|
| તુરીયા | ૭૦૦ | ૧૦૦૦ |
| પરવર | ૫૦૦ | ૮૦૦ |
| કાકડી | ૪૦૦ | ૮૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| વટાણા | ૧૩૦૦ | ૧૫૦૦ |
| તુવેરસીંગ | ૫૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૫૦૦ | ૭૦૦ |
| મેથી | ૩૦૦ | ૫૦૦ |
| વાલ | ૯૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૫૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૫૦ |
| ચણા લીલા | ૩૦૦ | ૯૦૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૭૦૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૪૦૦૦ |
| મકાઇ લીલી | ૨૨૦ | ૩૪૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૦૦ | ૧૧૨૩ |
| શિંગ મોટી | ૮૩૦ | ૧૧૮૫ |
| શિંગફાડા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૮૪૦ | ૨૯૦૦ |
| તલ કાળા | ૨૯૨૫ | ૪૫૦૦ |
| જુવાર | ૩૯૫ | ૯૫૫ |
| ઘઉં ટુકડા | ૫૬૭ | ૭૦૬ |
| ઘઉં લોકવન | ૫૮૨ | ૬૬૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૩૫ |
| ચણા | ૮૬૦ | ૧૩૮૫ |
| કપાસ | ૯૨૦ | ૧૫૧૮ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૬૭૦ |
| ધાણા | ૧૧૭૦ | ૧૩૯૫ |
| સોયાબીન | ૬૫૦ | ૮૫૮ |
| રજકાનું બી | ૩૦૦૦ | ૫૫૦૦ |
| ગીરનારશીંગ | ૯૬૮ | ૧૨૨૫ |
| મગ | ૧૨૬૦ | ૨૦૨૧ |
| મકાઈ | ૩૦૦ | ૬૪૮ |
| એરંડા | ૧૦૯૫ | ૧૨૩૩ |
| ઈસબગુલ | ૧૫૯૦ | ૧૫૯૦ |
| અજમા | ૨૫૧૫ | ૨૫૧૫ |
| મરચા લાંબા | ૭૯૦ | ૨૭૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૨૦ | ૫૬૦ |
| રીંગણાં | ૨૦૦ | ૩૦૦ |
| ફુલાવર | ૪૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| ટામેટા | ૭૦૦ | ૮૦૦ |
| સુરણ | ૮૦૦ | ૯૦૦ |
| ગાજર | ૪૦૦ | ૫૫૦ |
| દૂધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૫૦૦ | ૭૩૦ |
| ગલકા | ૫૦૦ | ૭૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલાં | ૪૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |


| | | |
|---|---|---|
| ભીંડો | ૫૦૦ | ૭૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૪૦૦ | ૫૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફુદીનો | ૪૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૬૦૦ | ૮૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૮૦૦ |
| ડુંગળી સૂકી | ૨૦૦ | ૫૪૦ |
| મકાઈ | ૨૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૫૦૦ |
| પાલક | ૪૦૦ | ૫૫૦ |
| વાલ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| આમળા | ૫૦૦ | ૬૦૦ |
| મરચા લાલ | ૪૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| લસણ લીલુ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| લસણ સૂકુ | ૫૬૦૦ | ૮૦૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસબી. ટી. | ૧૨૦૧ | ૧૫૦૬ |
| ઘઉં લોકવન | ૫૨૫ | ૬૦૬ |
| ઘઉં ટુકડા | ૫૨૨ | ૭૭૧ |
| મગફળી જીણી | ૭૧૬ | ૧૧૩૧ |
| સિંગદાણાજાડા | ૧૧૩૧ | ૧૨૩૧ |
| સિંગ ફાડીયા | ૮૩૧ | ૧૨૩૧ |
| એરંડા/એરંડી | ૧૧૨૬ | ૧૨૫૬ |
| જીરૂ | ૩૯૦૧ | ૪૭૭૧ |
| ધાણા | ૮૦૦ | ૧૬૨૧ |
| લસણ સુકું | ૨૪૫૧ | ૫૩૯૧ |
| ડુંગળી લાલ | ૧૭૧ | ૮૩૧ |
| અડદ | ૮૦૧ | ૧૬૫૧ |
| મઠ | ૬૫૧ | ૬૫૧ |
| તુવેર | ૫૧૧ | ૧૭૫૧ |
| રાય | ૯૫૧ | ૧૧૯૧ |
| મેથી | ૮૯૧ | ૧૧૩૧ |
| કાંગ | ૬૦૦ | ૧૦૭૧ |
| સુરજમુખી | ૫૯૧ | ૫૯૧ |
| મરચા | ૪૦૧ | ૨૬૦૧ |
| મગફળી જાડી | ૬૧૧ | ૧૨૫૧ |
| સફેદ ચણા | ૧૨૦૧ | ૨૪૦૧ |
| ઇસબગુલ | ૧૭૯૧ | ૨૨૭૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૬૭૧ |
| બાજરો | ૪૬૧ | ૫૬૧ |
| જુવાર | ૭૨૧ | ૮૫૧ |
| મકાઇ | ૪૮૧ | ૪૯૧ |
| મગ | ૬૭૬ | ૧૬૮૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૮૧ |
| વાલ | ૪૦૦ | ૧૬૦૧ |
| ચોળા / ચોળી | ૫૫૧ | ૨૨૦૧ |
| સોયાબીન | ૭૦૧ | ૯૨૧ |
| ગોગળી | ૪૭૬ | ૯૪૬ |
| શાકભાજી | નીચો | ઉંચો |
| ટમેટા | ૫૦૦ | ૯૦૦ |
| મરચા | ૪૦૦ | ૯૦૦ |

| | | |
|---|---|---|
| ગુવાર | ૬૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૧૬૦ | ૪૦૦ |
| દુધી | ૬૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૫૦૦ |
| કાકડી | ૨૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૩૬૦ |
| ભીંડો | ૪૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| ગાજર | ૪૦૦ | ૧૦૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૫૦૦ |
| તુવેર | ૫૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૭૦૦ |
| કેરી કાચી | ૧૪૦૦ | ૧૬૦૦ |
| બટેટા | ૫૦૦ | ૬૦૦ |
| લીલા ચણા | ૩૦૦ | ૫૦૦ |
| અંબાળા | ૫૦૦ | ૬૦૦ |
| લીલી હળદર | ૯૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી પુરા | ૧૫ | ૨૫ |
| તાંજરીયા પુરા | ૫ | ૯ |
| કોથમીર પુરા | ૧૦ | ૨૦ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| ફોદીનો પુરા | ૮ | ૧૦ |
| પચકારુ | ૪૦૦ | ૬૦૦ |
| ચ્રૂણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૯૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૯૦૦ |
| મેથી પુરા | ૫ | ૮ |
| બીટ પુરા | ૧૫ | ૨૦ |
| ચોરા | ૪૦૦ | ૯૪૦ |
| કારેલા | ૩૦૦ | ૮૦૦ |
| વાલોર | ૩૦૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૧૦૦ |
| મકાઈ ડોડા | ૩૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૨૫ | ૩૦ |
| પાલક પુરા | ૬ | ૧૨ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૮૦ | ૧૫૩૮ |
| કપાસમીડીયમ | ૧૩૦૦ | ૧૩૯૦ |
| મગ.ફીજી૨૦ | ૧૧૩૨ | ૧૧૯૮ |
| મગફળીબીટી | ૯૬૦ | ૧૦૭૦ |
| મગ | ૧૪૦૦ | ૧૪૫૦ |
| અડદ | ૧૨૪૦ | ૧૪૫૦ |
| ઘઉં | ૫૧૫ | ૬૧૫ |
| સોયાબીન | ૭૭૮ | ૮૦૦ |
| તલ | ૨૦૨૫ | ૨૨૨૫ |
| જીરૂ | ૪૦૧૦ | ૪૫૦૦ |
| ચણા | ૧૧૬૫ | ૧૨૭૫ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૧ | ૧૧૧૧ |
| શીંગ મોટી | ૧૦૭૧ | ૧૨૧૧ |
| તલ સફેદ | ૧૯૬૮ | ૨૩૪૫ |
| જીરૂ | ૩૬૦૦ | ૪૫૦૧ |

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૭૫ | ૧૫૧૧ |
| ઘઉં લોકવન | ૫૬૦ | ૬૫૨ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૩૩ |
| બાજરો | ૪૨૧ | ૬૦૧ |
| મકાઈ | ૫૦૧ | --- |
| અડદ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૪૦૦ |
| જુવાર | ૪૦૦ | ૮૦૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૪૦૦ |
| તુવેર | ૧૬૮૮ | --- |
| રાય/રાયડો | ૮૫૦ | --- |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૭૦ | ૧૪૭૯ |
| મગફળી | ૮૭૫ | ૧૧૨૧ |
| ઘઉં | ૫૬૭ | ૬૧૪ |
| ચણા | ૯૭૧ | ૧૨૬૦ |
| સોયાબીન | ૬૦૫ | ૮૧૧ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૦૦ |
| સિંગદાણા | ૮૦૦ | ૧૧૦૦ |
| એરંડા | ૧૧૭૦ | ૧૧૭૦ |
| કલોંજી | ૨૪૦૦ | ૨૪૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૩૫ |
| ઘઉ લોકવન | ૫૧૨ | ૫૯૪ |
| ઘઉ ટુકડા | ૫૮૦ | ૬૧૭ |
| ચણા | ૯૩૦ | ૧૨૫૦ |
| જીરૂ | ૩૦૦૫ | ૩૦૦૫ |
| અડદ | ૧૧૦૫ | ૧૧૦૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૪૦ |
| સોયાબીન | ૫૫૦ | ૭૯૫ |
| તલ સફેદ | ૧૭૨૦ | ૨૩૫૧ |
| મગફળી | ૭૫૫ | ૯૧૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૯૦ | ૧૪૭૫ |
| મગફળી | ૧૦૧૦ | ૧૧૬૬ |
| અડદ | ૧૦૧૧ | ૧૦૧૧ |
| સોયાબીન | ૭૫૬ | ૭૫૬ |
| ઘઉં | ૫૦૦ | ૫૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૫૦ | ૧૧૩૫ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૬૦૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૪૯૦ |
| બાજરો | ૫૨૬ | ૬૧૪ |
| ઘઉં ટુકડા | ૫૫૫ | ૬૪૭ |
| જુવાર | ૫૨૫ | ૮૪૧ |
| મકાઈ | ૬૫૧ | ૬૫૧ |
| મગ | ૧૪૦૦ | ૨૭૫૧ |
| મઠ | ૧૧૫૫ | ૧૨૬૫ |
| ચણા | ૧૨૦૧ | ૧૫૦૦ |
| જીરૂ | ૪૫૦૦ | ૪૫૦૦ |
| એરંડી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૭૭૧ | ૮૦૦ |
| રાય | ૧૩૦૦ | ૧૩૦૦ |
| **મોટા લીલીયા** | | |

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૧૧ | ૧૫૧૧ |
| કપાસ સીગ્રેડ | ૯૩૫ | ૯૩૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૦ |
| અડદ | ૮૦૦ | ૧૫૫૦ |
| ચણા | ૯૦૦ | ૧૨૫૦ |
| મગફળી | ૭૦૦ | ૧૧૨૬ |
| શિંગફાડા | ૮૦૦ | ૯૦૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૨૦૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૪૬૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૪૧ |
| **કોડીનાર** | | |
| મગફળીજી૨૦ | ૯૪૦ | ૧૧૨૯ |
| મગફળી૩૨નં. | ૯૦૦ | ૧૦૪૧ |
| બાજરી | ૫૨૫ | ૫૮૯ |
| ઘઉં | ૫૨૫ | ૬૪૮ |
| સફેદ તલ | ૨૧૦૦ | ૨૫૧૧ |
| કાળા તલ | ૩૭૦૦ | ૪૧૮૦ |
| સોયાબીન | ૭૫૪ | ૮૪૭ |
| જુવાર | ૬૦૦ | ૮૧૨ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૨૮ |
| ચણા | ૧૨૦૦ | ૧૩૦૧ |
| ધાણા | ૧૩૦૦ | ૧૪૪૫ |
| રજકો | ૩૫૫૦ | ૫૦૭૫ |
| કપાસ | ૧૪૨૦ | ૧૪૯૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૬૦ |
| બાજરો | ૪૯૦ | ૫૫૦ |
| ઘઉં | ૫૦૦ | ૬૩૮ |
| મગ | ૧૦૭૫ | ૧૪૭૫ |
| અડદ | ૭૦૦ | ૧૬૪૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૨૨૦ |
| મઠ | ૬૫૦ | ૭૦૦ |
| ચોળી | ૯૨૦ | ૧૫૦૦ |
| વાલ | ૧૨૫૫ | ૧૫૬૦ |
| ચણા | ૧૧૭૫ | ૧૩૦૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૪૫૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૧૦૫ |
| એરંડા | ૧૦૪૦ | ૧૨૩૪ |
| તલ | ૧૭૦૦ | ૨૨૭૦ |
| રાયડો | ૯૫૦ | ૧૦૯૦ |
| લસણ | ૩૦૩૦ | ૫૧૯૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૫૬૦ |
| અજમો | ૨૦૬૦ | ૨૫૮૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૬૦ |
| ડુંગળીસૂકી | ૨૦૦ | ૮૦૦ |
| સુવાદાણા | ૧૨૦૦ | ૧૨૭૦ |
| મરચાસુકા | ૪૫૦ | ૨૭૦૦ |
| સોયાબીન | ૫૦૦ | ૮૬૫ |

## શબ્દ સંજોગ-૧૯૦૮



**આડી ચાવી :**
(૧) સવારે નિયમિત.... કરવી જોઈએ (૩)
(૩) નાકથી વાયુ લેવો-મૂકવો તે (૨)
(૪) બહારનું (૨)
(૫) વંદન, નમસ્કાર (૩)
(૭) એક સ્વાદ (૨)
(૮) મળેલું, મેળવેલુ (આ-અ) (૪)
(૧૧) સાવ બોડું માથું (૨)
(૧૩) પુત્રી (૩)
(૧૪) ઘર, રહેઠાણ (૩)
(૧૬) અવાજ, નાદ (૨)
(૧૭) એક કઠોળ (૨)
(૧૮) પરમેશ્વર, પરવરદિગાર (૨)
(૨૦) કમળ...માં જ ખીલે (૩)
(૨૨) વેલ (૨)
(૨૪) કાયમ, હંમેશા (૨)
(૨૫) કારણ વગર (૪ )
(૨૭) ગુજરાતનું જાણીતુ શહેર (૫)
(૨૮) લખેલું આનાથી ભૂંસાય (૩)

**ઉભી ચાવી :**
(૧) નસીબ, શરૂ કરેલું (૩)
(૨) નાનમ (૩)
(૩) કૂતરો (૨)
(૪) એક અટક (૩)
(૬) ઘણાં દિવસનું ભૂખ્યું (૨)
(૯) પંચ, પંચાતિયો (૩)
(૧૦) જૈનોનો એક મંત્ર (આ-અ) (૪)
(૧૨) એક પક્ષી (૩)
(૧૩) દૂધની મલાઈ (૨)
(૧૪) શ્રીદેવીની એક ફિલ્મ (૩)
(૧૫) ચેતતા....સદા સુખી (૨)
(૧૭) પગથિયાવાળો કૂવો (૨)
(૧૯) જોર, તાકાત (૨)
(૨૧) પરવાર, તમા (૪)
(૨૩) આશ્રય, રક્ષણ(આ-અ) (૩)
(૨૪) શપથ, સોગન (૨)
(૨૬) પરવરદિગાર, પરમેશ્વર (૨)

## શબ્દ સંજોગ-૧૯૦૭ જવાબ

**આડી ચાવી:** (૧) એકદંત (૪) હે (૫) હૂર (૭) કદા (૮) મઉ (૧૧) દાયરો (૧૩) કાચરસ (૧૫) ઝિકાળો (૧૭) વલખાં (૧૯) વિનિયોગ (૨૧) કારગત (૨૨) નીર (૨૩) રોશન (૨૫) તપેલી (૨૭) ફાસલો (૩૦) પક્ષમત (૩૨) કદમ (૩૪) ડીન.
**ઉભી ચાવી:** (૧) એકદા (૨) કદાચ (૩) તમ (૬) રમા (૯) ઉકાળો (૧૦) સરવર (૧૨) રોઝિયો (૧૪) સલગમ (૧૬) કાગરો (૧૮) ખાંત (૧૯) વિનીતપક્ષ (૨૦) નિરપેક્ષ (૨૧) કાનસ (૨૪) શફા (૨૬) લીમડી (૨૮) લોકલ (૨૯) કામણ (૩૧) તન (૩૩) દક્ષ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# પંજાબથી ૧.૪૭ કરોડનું કોકેઈન લાવી કચ્છમાં ઘુસાડતા બે મહિલા સહિત ૪ની ધરપકડ

રાજકોટ,તા.૨૯

ગુજરાતમાં ડ્રગ્સની થઈ રહેલી હેરાફેરીમાં છેક પંજાબથી કોકેઈન ઘુસાડવાના એક પ્રયાસને નિષ્ફળ બનાવીને આંતરરાષ્ટ્રીય બજારમાં ૧.૪૭ કરોડની કિંમતનું મનાતું કોકેઈન ઝડપી લીધુ હતું અને તેની હેરાફેરીમાં સંડોવાયેલ બે મહિલા સહિત ચાર લોકોની ધરપકડ કરી છે. પોલીસ સમક્ષ કરેલી કબુલાત મુજબ એક જ પરિવારના સભ્યો



પંજાબથી કોકેઈન લાવ્યા હતા અને તે ગુજરાતમાં કચ્છના માર્ગે પહોંચાડાયું હતું. મહિલાના જણાવ્યા મુજબ પરિવારના એક કૌટુંબિક બનેવીના કહેવાથી તેઓ આ કોકેઈન પંજાબથી લાવ્યા હતા અને તે છુટક વેચવાનો પ્લાન હોય તેમ જણાતું હતું. ૧૪૭ ગ્રામ આ કોકેઈન અત્યંત માદક પદાર્થ ગણાય છે અને

**પંજાબમાં કોકેઈન પાકિસ્તાન માર્ગેથી લવાયું હોવાનું અનુમાન**

તેની એક ગ્રામની કિંમત પણ અત્યંત ઉંચી હોય છે. પંજાબમાં તે પાકિસ્તાનના માર્ગે ઘુસાડાયું હોય તેમ માનવામાં આવે છે અને તેથી જ ગુજરાત ઉપરાંત પંજાબમાં પણ પાકિસ્તાની ડ્રગ કાર્ટેલ સક્રિય હોવાનું માનવામાં આવે છે.

# ગુજરાતની વિરાસત ઘરચોળાને ભારત સરકાર તરફથી 'GI' ટેગ મળ્યો

સુરત,તા.૨૯

ભારત સરકારના કાપડ મંત્રાલયના હેન્ડલૂમ્સ ડેવલપમેન્ટ કમિશનર દ્વારા નવી દિલ્હી ખાતે આયોજિત "જીઆઈ એન્ડ બિયોન્ડ– વિરાસત સે વિકાસ તક" કાર્યક્રમ દરમિયાન ગુજરાતના ગૌરવ સમાન "ઘરચોળા હસ્તકલા" ને પ્રતિષ્ઠિત જિયોગ્રાફિકલ ઈન્ડિકેશન (GI) ટેગ એનાયત કરવામાં આવ્યો છે. ગરવી ગુર્જરીના પ્રયાસો થકી




શક્ય બનેલ છે. ઘરચોળા માટે જીઆઈની માન્યતા, પોતાના કલા વારસાને સુરક્ષિત રાખવાના ગુજરાતના સમર્પણને પ્રતિબિંબિત કરે છે. આ જીઆઈ ટેગ ગુજરાતની ઘરચોળા હસ્તકલાના સમૃદ્ધ વારસા અને જટિલ કારીગરીને વ્યાખ્યાયિત કરે છે અને તેનાથી ઘરચોળા કલાના અનન્ય સાંસ્કૃતિક ખજાનાનું સ્થાન વૈશ્વિક ફલક પર મજબૂત થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ શરૂ કરવામાં આવેલી વન ડિસ્ટ્રિક્ટ-વન પ્રોડક્ટ (ઓડીઓપી) યોજનાને કારણે જીઆઈ ઉત્પાદનોનો બહોળો પ્રચાર-પ્રસાર થયો છે. મુખ્યમંત્રીના આ વિઝનને આગળ ધપાવતા કુટીર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી દ્વારા આ જીઆઈ ટેગ મેળવવા માટે પ્રસંશનીય કામગીરી કરવામાં આવે છે.

# રાજુલા માર્કેટિંગ યાર્ડની મુલાકાત લેતા ધારાસભ્ય હીરાભાઈ સોલંકી



તસવીર : ગોપાલ રાઠોડ

અમરેલી,તા.૨૯

રાજુલા માર્કેટિંગ યાર્ડમાં ટેકાના ભાવે મગફળીની ખરીદીમાં ભાવ ૧૩૫૬નો આવતા ખેડૂતોમાં ઉત્સાહ છવાયો હતો. અહીં ખરીદી સેન્ટર ઉપર કુલ ૨૫૦૦ જેટલા ખેડૂતોનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. જેમાંથી ૫૦ ખેડૂતોને આજે બોલાવવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં ટેકાના ભાવે ૨૦૧૦૦ ગુણીની ખરીદી કરવામાં આવી છે. ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, યાર્ડના ચેરમેન સહિતનાઓએ માર્કેટિંગ યાર્ડની મુલાકાત લીધી હતી.

# લીલીયામાં મકાન માલિકો સામે કાર્યવાહી, ભાડુઆત નોંધણી ન કરાવવા બદલ ગુનો નોંધાયો

લીલીયા,તા.૨૯

લીલીયા તાલુકામાં ભાડુઆત નોંધણી અંગેના જાહેરનામાનો ભંગ કરવા બદલ બે મકાન માલિકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. લીલીયા પોલીસે જણાવ્યું હતું કે, કોઈપણ વ્યક્તિએ પોતાનું મકાન ભાડે આપતા પહેલા સરકારી પોર્ટલ પર ભાડુઆતની નોંધણી કરાવવી ફરજિયાત છે. આ બાબતની જાણ પોલીસ સ્ટેશનમાં પણ કરવાની હોય છે. લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ. આઈ.જે. ગીડાએ જણાવ્યું હતું કે, પોલીસ મહાનિરીક્ષક અને મુખ્ય પોલીસ અધિકારીના આદેશથી જિલ્લામાં ભાડુઆત નોંધણી ચેકિંગની ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશના ભાગરૂપે લીલીયા પોલીસે પેટ્રોલિંગ દરમિયાન બે મકાન માલિકોને ભાડુઆત નોંધણી ન કરાવવા બદલ ઝડપી પાડ્યા હતા. પોલીસ ટીમે બે અલગ ઘટનાઓમાં કાર્યવાહી કરી હતી જેમાં ગાયત્રી મંદિર સામે આવેલ કાળુભાઈ વાઘેલાના મકાનમાં કચ્છથી આવેલ અશોકભાઈ વાઘેલાને ભાડા કરાર વગર રહેતા ઉપાડી લઈ, મકાન માલિક સામે કાર્યવાહી કરવામાં આવી. બીજી ઘટનામાં ખારા ગામમાં ભુજ બલદાન ગઢવીના મકાનમાં ભાડા કરાર વગર અનધિકૃત રીતે રહેતા ઈસમ

**ભાડુઆત જાહેરનામાનો ભંગ કરવા બદલ બે ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધાયો**

સામે પણ ગુનો નોંધવામાં આવ્યો. પોલીસે આ બંને મકાન માલિકો વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૨૨૩ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અમરેલી માર્કેટયાર્ડમાં ખેડૂતો સાથે છેતરપિંડી કરનાર શખ્સ પર પ્રતિબંધ

અમરેલી,તા.૨૯

અમરેલી માર્કેટયાર્ડમાં ખેડૂતો સાથે છેતરપિંડી કરવાના પ્રયાસને પગલે માર્કેટયાર્ડ ચેરમેન શૈલેષભાઈ સંઘાણીએ કડક કાર્યવાહી કરી છે. તાજેતરમાં એક ખેડૂત કપાસ વેચવા માર્કેટયાર્ડમાં આવ્યો હતો. જ્યારે તેનું વાહન ખાલી કરવામાં આવી રહ્યું હતું ત્યારે વિક્રમ જીણાભાઈ વાળદોરીયા નામના વ્યક્તિએ ખેડૂત પાસેથી કપાસમાં વાંધો ન પાડવા માટે રૂપિયાની માંગણી કરી હતી. ખેડૂતે આ બાબતની જાણ પોતાના કમિશન એજન્ટને કરી અને ત્યારબાદ માર્કેટયાર્ડ સત્તાવાળાઓને



જાણ કરવામાં આવી. માર્કેટયાર્ડ દ્વારા તપાસ કરતા આ આક્ષેપ સાચો જણાયો હતો. આ ગંભીર બાબતને ધ્યાનમાં લઈને માર્કેટયાર્ડ ચેરમેન શૈલેષભાઈ સંઘાણીએ વિક્રમ જીણાભાઈ વાળદોરીયા પર અમરેલી માર્કેટયાર્ડમાં કાયમી પ્રવેશબંધી ફરમાવી છે.

# અમરેલી-કુંકાવાવ વિસ્તારમાં શાળાઓનું નવીનીકરણ

અમરેલી,તા.૨૯

અમરેલી જિલ્લાના અમરેલી-કુંકાવાવ વિસ્તારમાં શિક્ષણની ગુણવત્તા વધારવા માટે સરકાર દ્વારા નોંધપાત્ર પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરતા, વિધાનસભાના નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયાએ શુક્રવારે કુંકાવાવ ગામની વર્ષો જૂની પે-સેન્ટર કન્યા શાળા-૨ નું ખાતમૂહર્ત કર્યું હતું. આ કાર્ય માટે અંદાજે ૯૧.૫૦ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં



આવશે. નવીનીકરણમાં ૭ નવા કલાસરૂમ, મધ્યાહન ભોજન શેડ, સેનીટેશન સુવિધા અને કમ્પાઉન્ડ વોલ જેવી સુવિધાઓ ઉમેરવામાં આવશે. આ નવીનીકરણ બાદ શાળામાં વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાની શૈક્ષણિક સુવિધાઓ મળશે. અમરેલી-કુંકાવાવ વિસ્તારમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સરકાર દ્વારા અનેક પગલાં લેવામાં આવી રહ્યા

**કૌશિક વેકરીયાના હસ્તે કુંકાવાવની કન્યા શાળા-૨ નું ખાતમૂહર્ત કરાયું**

છે. આ વિસ્તારમાં રૂ. ૧૨.૫ કરોડથી વધુના ખર્ચે પ્રાથમિક શાળાઓના ઓરડાઓનું નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે. તાજેતરમાં જ વડીયા ખાતે ૮૩ લાખના ખર્ચે મોંઘીબા કન્યા પ્રાથમિક શાળાનું નવીનીકરણ કાર્ય પણ શરૂ કરવામાં આવ્યું હતું.

**ધારાસભ્ય કૌશિક વેકરીયા દ્વારા અમરેલી ખાતે**

# આજથી બે દિવસ આયુષ્યમાન વયવંદના કાર્ડ કેમ્પ યોજાશે

અમરેલી,તા.૨૯

અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા દ્વારા ઘરઆંગણે ઈ-કેવાયસી અને વડીલો માટેના આયુષ્યમાન વયવંદના કાર્ડના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ આજરોજ શનિવાર અને આવતીકાલ રવિવારે યોજાશે. સવારે ૧૦ થી ૫:૦૦ કલાક દરમિયાન યોજાનાર આ કેમ્પમાં નાગરિકો જરૂરી દાખલાઓ સાથે આપણા કાર્યાલય જૂના માર્કેટીંગ યાર્ડ ખાતે ઉપસ્થિત રહી અને બહોળી સંખ્યામાં આ કેમ્પનો વ્યાપક હિતમાં લાભ લેવા કૌશિકભાઈ વેકરીયા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

આ અંગે કૌશિકભાઈ વેકરીયાએ એક યાદીમાં જણાવ્યું હતું કે, આયુષ્માન વયવંદના કાર્ડથી ૭૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા સિનિયર સિટિઝનોને પી.એમ. જે.એ.વાય. યોજનાનો લાભ આપવામાં આવશે.

આયુષ્માન વયવંદના કાર્ડ કઢાવવા માટે ફક્ત આધારકાર્ડની જરૂરિયાત છે. લાભાર્થીનો ફોટો કેપ્ચર કરવાનો રહેશે. આધારકાર્ડ અથવા રેશનકાર્ડમાં દર્શાવેલી ઉંમરને આધારે ૭૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા વરિષ્ઠ નાગરિકોનું આયુષ્માન વયવંદના કાર્ડ કાઢી શકાય છે. રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજનાના લાભ માટે ઈ-કેવાયસી ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઝુંબેશમાં તમારા દસ્તાવેજોનું ઈ-KYC કરાવવા માટે આધારકાર્ડ, આધારકાર્ડ સાથે લીંક મોબાઈલ નંબર, રેશનકાર્ડની ઝેરોક્ષ સાથે વ્યક્તિએ રૂબરુ હાજર રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# બે વર્ષની સજાનો નાસતો ફરતો આરોપી ઝડપાયો

ઉના, તા.૨૯

કોડીનાર પીઆઈ એન. આર.પટેલની સૂચના તેમજ પીએસઆઈ કે.એમ. ચાવડાના માર્ગદર્શન હેઠળ ટાઉન બીટના પોલીસ હેડ કોન્સ્ટેબલ અરવિંદભાઈ જાની તથા ધીરુભાઈ બાંભણીયા તથા પો. કોન્સ. ભગવાનભાઈ જીણાભાઈ તથા ભીખુશા બચુશા તથા હિંમતભાઈ આતુભાઈ નાઓ પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન સંયુકત બાતમી રાહે હકિકત મળી કે, ધી નેગોશીએબલ. ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના કામે બે વર્ષની સાદી કેદની સજાના



હુકમનો આરોપી મોહસીનભાઈ અશરફભાઈ કચ્છી ઉવ૩૭ રહે,કોડીનાર,ભમ્મર શેરી,કોળી ચોરા તા.કોડીનાર વાળો હાલ પાણીદરવાજા ખાતે હાજર છે. જે હકિકત આધારે તપાસ કરતા આરોપી મળી આવતા કાયદેસરની કાર્યવાહી કરી નામદાર વેરાવળ કોર્ટ હવાલે મોકલી આપ્યો હતો.

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમાં મું. રાજુલા**

જન્મ /મરણ અરજી નંબર /૪૧૦/૨૦૨૪

અરજદાર :- શ્રી ગુજરીયા મનુભાઈ હમીરભાઈ,
સરનામું:- રહે.ચાંચ, તા. રાજુલા, જિ.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :-જન્મ-મરણ નોંધણી રજીસ્ટર અને તલાટી -કમ -મંત્રીશ્રી, ચાંચ તા. રાજુલા, જી. અમરેલી

-:: નોટિસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા **તાલુકાનાં ચાંચ ગામના શ્રી ગુજરીયા મનુભાઈ હમીરભાઈએ તેમના પિતા સ્વ.શ્રી હમીરભાઈ કડવાભાઈ ગુજરીયાનું મરણ તા.૨૨/૦૯/૨૦૧૧ ના રોજ જન્મ ચાંચ** મુકામે થયેલ છે. જે **મરણ** અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન.વી.બારૈયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૫ માહે. ઓકટોબર, સને.૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા. ૦૫/૧૦/૨૦૨૪

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**ઉના-//તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, ઉનાની કોર્ટમાં, ઉના//-**

કેસ -નં.૧૩૮/૨૦૨૪

અરજદાર :- શ્રી ભાણાભાઈ ભુપતભાઈ ગોહિલ
રે.પસવાળા,તા.ઉના
-: વિરૂધ્ધ :-
વકીલશ્રી:- ડી.ઓ.કામળીયા-ઉના

સામાવાળા :- તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ.પસવાળા ,તા.ઉના

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના પસવાળા ગામના રહીશશ્રી શ્રી ભાણાભાઈ ભુપતભાઈ ગોહિલ એ તેઓના પુત્રશ્રી પકાશભાઈ ના જન્મ તા. ૧૦/૦૪/૨૦૦૦ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૦/૧૨/૨૦૨૪ ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૫/૧૧/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
ઉના

**ઉના-//તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, ઉનાની કોર્ટમાં, ઉના//-**

કેસ -નં.૧૩૫/૨૦૨૪

અરજદાર :- શ્રી સોનાબેન બાલાભાઈ રાઠોડ
રે.માણેકપુર,તા.ઉના
-: વિરૂધ્ધ :-
વકીલશ્રી:- ડી.ઓ.કામળીયા-ઉના

સામાવાળા :- તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ.માણેકપુર ,તા.ઉના

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના માણેકપુર ગામના રહીશશ્રી શ્રી સોનાબેન બાલાભાઈ રાઠોડએ તેઓના પતિશ્રી બાલાભાઈ ના મરણ તા. ૦૧/૦૫/૨૦૦૬ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૦/૧૨/૨૦૨૪ ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૫/૧૧/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
ઉના

**તાલુકા એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

પરચુરણ અરજી નં. ૪૬૭/૨૪

અરજદાર :- સરવૈયા રમેશભાઈ ભાણાભાઈ
સરનામુ વાવેરા ,તા.રાજુલા જી.અમરેલી
વિરૂધ્ધ
સામેવાળા:- તલાટી કમ મંત્રી શ્રી,
વ
જન્મ-મરણ નોંધણી અધિકારી શ્રી
ગ્રામ પંચાયત : વાવેરા

-:: નોટિસ ::-

આથી લાગતા વળગતાં તમામને આ જાહેર નોટિસથી જાહેર કરવામાં આવે છે કે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના વાવેરા ગામના શ્રી **સરવૈયા રમેશભાઇ ભાણાભાઇ નો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૫** ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી નરશી વી.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી કરેલ છે.તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો વિરોધ કે તકરાર હોય તો તેમણે સદરહુ નોટિસ પ્રસિધ્ધ થયા ના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજૂ કરવા તથા વાંધા તકરાર સામે હજાર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૦ માહે નવેમ્બર સને ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

સ્થળ:- રાજુલા
તારીખ:.૨૦/૧૧/૨૦૨૪

કોર્ટનો સિક્કો

સહી,
તાલુકા એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
રાજુલા

**રાજુલાના મહે. એકિઝકયુટિવ મેજી.સાહેબ ની કોર્ટમાં,મુ.રાજુલા**

પરચ.અ.નં. ૪૫૯/૨૦૨૪

અરજદાર :- કાછડ જાદવભાઈ લાલજીભાઈ ઉ.વ.આ.પુખ્ત ધર્મે હિન્દુ ધંધો - ખેત/મજુરી
રહે.વાવેરા , તા.રાજુલા જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા:- તલાટી કમ મંત્રી શ્રી,
વ
જન્મ-મરણ નોંધણી અધિકારી શ્રી
ગ્રામ પંચાયત : વાવેરા

-:: નોટિસ ::-

આથી લાગતા વળગતાં તમામને આ જાહેર નોટિસથી જાહેર કરીએ છીએ કે ઉપરોકત અરજદારની બહેન કાછડ મંજુબેન લાલજીભાઈ નો જન્મ તારીખ : ૧૫/૦૮/૧૯૭૨ ના રોજ રાજુલા તાલુકાના વાવેરા મુકામે જન્મ થયા અંગેની સદર સામે વાળા ના રજીસ્ટરે નોંધ કરાવવા સદર કોર્ટમાં અરજદારના વિ.વકીલ શ્રી નરશી વી.બારૈયા મારફત અરજ કરેલ છે તો સદર નોંધ અંગે કોઈપણ ને કોઈ વાંધો વિરોધ કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં તા......................ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂબરૂ અથવા મુખત્યાર કે માહિતગાર કરેલ વકીલ મારફત હાજર રહી વાંધા તથા પુરાવા રજૂ કરવા જાણ કરવામાં આવે છે.અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૫ માહે નવેમ્બર સને ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

મુ.:- રાજુલા
તારીખ:.૦૫/૧૧/૨૦૨૪

કોર્ટનો સિક્કો

સહી,
તાલુકા એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
રાજુલા

**તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમાં**

પરચુરણ અરજી નં.૪૬૩/૨૪

અરજદાર :- જીણાભાઈ લખમણભાઈ કવાડ,
સરનામું:- હિંડોરાણા, તા. રાજુલા, જિ.અમરેલી
વિરૂધ્ધ
સામેવાળા :- તલાટી કમ મંત્રી શ્રી,
-વ-
જન્મ-મરણ નોંધણી અધિકારી શ્રી,
ગ્રામ પંચાયત : હિંડોરાણા

-:: નોટિસ ::-

આથી લાગતાં વળગતા તમામને આ જાહેર નોટિસથી જાહેર કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **રાજુલા તાલુકાના હિંડોરાણા** ગામના શ્રી **જીણાભાઈ લખમણભાઈ કવાડ ના પુત્ર શામજીભાઈ જીણાભાઈ કવાડનો જન્મ તા. ૩૦/૧૧/૨૦૦૦** ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના **વકીલ શ્રી નરશી વી. બારૈયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો વિરોધ કે તકરાર હોય તો તેમણે સદરહું નોટિસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સામે હજાર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૨૦ માહે. નવેમ્બર સને.૨૦૨૪ના રોજ મારી સહી તથા કોટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા. ૨૦/૧૧/૨૪

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**રાજુલાના મહે. એકઝયુકેટીવ મેજી.સાહેબની કોર્ટમાં, મું. રાજુલા**

પરચ.અનં.૪૬૦/૨૦૨૪

અરજદાર :- ચૌહાણ નાકરભાઈ સાંગાભાઈ ઉ.વ.આ.પુખ્ત,
ધર્મે : હિન્દુ, ધંધો : ખેત/મજુરી રહે. ચાંચ, તા.રાજુલા, જી.અમરેલી
હાલ રહેઠાણ : મહુવા, તા.મહુવા, જી.ભાવનગર
વિરૂધ્ધ
સામેવાળા :- તલાટી કમ મંત્રી શ્રી,
-વ-
જન્મ-મરણ નોંધણી અધિકારી શ્રી,
ગ્રામ પંચાયત -ચાંચ

-:: નોટિસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાનાં ચાંચ ગામના રહેવાસી શ્રી ચૌહાણ નાકરભાઈ સાંગાભાઈ એ તેમના સ્વ.ચૌહાણ સાંગાભાઈ રૂડાભાઈનું અવસાન તા.૧૯/૦૮/૧૯૮૫ તેમજ અમારા માતા શ્રી નામે સ્વ.ચૌહાણ નાથીબેન સાંગાભાઈ નું અવસાન તા.૦૫/૦૪/૨૦૨૪ના રોજ ચાંચ મુકામે મરણ થયેલ હોવાની મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી નરશીભાઈ વી.બારૈયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો હરકત સરખુ હોય તો જાતે અગર તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.....ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.


આજ તા.૦૫ માહે. નવેમ્બર સને.૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૦૫/૧૧/૨૪

કોર્ટનો સિક્કો

સહી.
એકઝયુકેટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

# મુખ્યમંત્રી એકનાથ શિંદે સતારા જતા રહેતા મુંબઈમાં યોજાનારી મહાયુતિની બેઠક રદ



**અમિત શાહ સાથે બેઠક બાદ પણ મુખ્યમંત્રી અંગે હજુ કોકડુ ગુંચવાયેલું**

મુંબઈ,તા.૨૯

મુંબઈમાં યોજાનારી મહાયુતિ (ભાજપ, શિવસેના શિંદે જૂથ, NCP અજિત પવાર)ની મહત્ત્વપૂર્ણ બેઠક રદ કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કાર્યવાહક મુખ્યમંત્રી એકનાથ શિંદે અચાનક સતારા ગયા છે. ભાજપ ધારાસભ્ય દળની બેઠક ૧ ડિસેમ્બરે યોજાશે. આ બેઠકમાં ૨ નિરીક્ષકોની હાજરીમાં મુખ્યમંત્રીના નામની જાહેરાત કરવામાં આવશે. ભાજપ મરાઠા ચહેરા પર પણ વિચાર કરી શકે છે. આ બેઠક બાદ મહાગઠબંધનની બેઠક બોલાવવામાં આવશે. આ પહેલાં ગુરુવારે રાત્રે એકનાથ શિંદે, દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવારે ગૃહમંત્રી અમિત શાહ અને બીજેપી અધ્યક્ષ જે.પી. નડ્ડા સાથે લગભગ અઢી કલાક સુધી બેઠક કરી હતી. એકનાથ શિંદે અડધા કલાક સુધી શાહને એકલા મળ્યા હતા. સૂત્રોએ જણાવ્યું કે હાઈકમાન્ડે શિંદેને ડેપ્યુટી સીએમ અથવા કેન્દ્રમાં મંત્રી પદની ઓફર કરી છે. જો શિંદે કેન્દ્રીય મંત્રી બનવાનું નક્કી કરે છે, તો તેમના જૂથમાંથી કોઈ અન્ય નેતાને ડેપ્યુટી સીએમ બનાવવામાં આવી શકે છે.

**સંભલમાં જામા મસ્જિદમાં સરવેને લઈને થયેલી હિંસા ટ્રાયલ કોર્ટ સુધી પહોંચી**

# શાંતિ સ્થાપિત કરવાની જવાબદારી યોગી સરકારની રહેશે : સુપ્રીમ કોર્ટ

ન્યુ દિલ્હી,તા.૨૯

સંભલમાં જામા મસ્જિદમાં સરવેને લઈને ભડકેલી હિંસાનો મામલો હવે સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો છે. આ મામલે ટ્રાયલ કોર્ટે મસ્જિદના સરવેની પરવાનગી આપી હતી જેના પર હવે સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે ટ્રાયલ કોર્ટ આ મામલે કોઈ કાર્યવાહી ના કરે. આ કેસ સુપ્રીમ કોર્ટ સમક્ષ પેન્ડિંગ રહેશે. સુપ્રીમ કોર્ટે આ સાથે સુનાવણી કરતાં યોગી સરકારને નિર્દેશ આપ્યો હતો કે, 'સંભલમાં શાંતિ સ્થાપિત કરવાની જવાબદારી તમારી રહેશે. બીજી બાજુ મસ્જિદની કમિટીને પણ કાનૂની અધિકારો મળી રહે તે સુનિશ્ચિત કરવા સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યા હતા. સુપ્રીમ કોર્ટે આ મામલે જિલ્લા કોર્ટને મધ્યસ્થતા કરીને મામલો થાળે પાડવા નિર્દેશ આપ્યો છે.' સુપ્રીમ કોર્ટે સુનાવણી હાથ ધરતાં અરજદારને સવાલ કર્યો હતો કે આ મામલે તમે હાઈકોર્ટમાં અપીલ કેમ ન કરી? તેની સાથે



ટ્રાયલ કોર્ટને સીજેઆઈએ કહ્યું કે જ્યાં સુધી હાઈકોર્ટ તરફથી કોઈ નિર્દેશ આપવામાં ન આવે ત્યાં સુધી આ મામલે કોઈ કાર્યવાહી હાથ ધરાશે નહીં. હવે આ મામલે આગામી ૬ જાન્યુઆરીએ સુનાવણી હાથ ધરવામાં આવશે. આ સાથે ટ્રાયલ કોર્ટને ૮ જાન્યુઆરી સુધી કોઈ પ્રકારનો આદેશ ન આપવા પણ સૂચન કરાયું હતું.

# મધ્યપ્રદેશમાં ચાલુ એમ્બ્યુલન્સમાં સગીરા પર સામૂહિક દુષ્કર્મ

મઉગંજ,તા.૨૯



મધ્યપ્રદેશના મઉગંજ જિલ્લામાં ચાલુ એમ્બ્યુલન્સમાં ૧૬ વર્ષીય સગીરા પર દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. ૧૦૮ ઈમરજન્સી સેવા હેઠળ સંચાલિત એમ્બ્યુલન્સમાં આ દુર્ઘટના ઘટી હતી. રસ્તા પર દોડતી એમ્બ્યુલન્સમાં ડ્રાઈવર સહિત બે લોકોએ ગેંગરેપ કર્યો હતો. ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ સાકેત પાંડેએ જણાવ્યું હતું કે, સગીરા પર ચાલુ એમ્બ્યુલન્સમાં ગેંગરેપ કરવામાં આવ્યો હતો. આ કૃત્યમાં તેના બહેન અને બનેવી પણ સામેલ છે. ચાર આરોપીમાંથી પોલીસે બેની ધરપકડ કરી છે. અન્ય બે ફરાર છે. જેમની શોધખોળ ચાલુ છે.

# ઈમ્ફાલ અને જીરીબામમાં ૧૩ દિવસ બાદ શાળા-કોલેજો ખુલી, કર્ફ્યુ અંગે અનિશ્ચિતતા

ઈમ્ફાલ,તા.૨૯

ઈમ્ફાલ અને જીરીબામમાં શાળાઓ અને કોલેજો ૧૩ દિવસ બંધ રહ્યા બાદ શુક્રવારે ફરી શરૂ થઈ. એજ્યુકેશન ડિરેક્ટોરેટે પોતાના આદેશમાં કહ્યું છે કે, અસરગ્રસ્ત જિલ્લાઓમાં તમામ સરકારી, અનુદાનિત, ખાનગી અને કેન્દ્રીય શાળાઓમાં શુક્રવારથી વર્ગો શરૂ કરાયા હતા. ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ વિભાગે શુક્રવારથી જ તમામ સરકારી સહાયિત કોલેજો અને રાજ્યની યુનિવર્સિટીઓ ખોલવાનો આદેશ પણ જારી કર્યો હતો. જીરીબામમાં સુરક્ષા દળો અને કુકી આતંકવાદીઓ વચ્ચે ગોળીબારની વિનિમય બાદ ૧૬ નવેમ્બરથી તમામ શૈક્ષણિક સંસ્થાઓ બંધ છે. આ અથડામણમાં ૧૦ આતંકવાદીઓ માર્યા ગયા હતા. આ પછી, આતંકવાદીઓએ રાહત શિબિરમાંથી મૈતેઈ પરિવારના છ



લોકોનું અપહરણ કર્યું. થોડા દિવસો પછી મણિપુર અને આસામની જીરી અને બરાક નદીઓમાં તેમના મૃતદેહ મળી આવ્યા હતા. જો કે,

**ગોળીબારમાં ૧૦ કુકી આતંકવાદીઓને ઠાર મરાયા બાદ તણાવ હતો**

ઈમ્ફાલ વેલી અને જીરીબામમાં હજુ પણ પ્રતિબંધક આદેશો અમલમાં રહેશે. શાળાઓ અને કોલેજો ખુલ્યા બાદ કર્ફ્યુમાં રાહત આપવામાં આવશે કે કેમ તે અંગે સત્તાવાળાઓએ હજુ સ્પષ્ટતા કરી નથી.

# અમૃતસરમાં પોલીસ ચોકીની બહાર જ વિસ્ફોટથી સનસનાટી મચી



અમૃતસર,તા.૨૯

અમૃતસરમાં ગુરબક્ષ નગર પોલીસ ચોકીની બહાર વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટનો અવાજ એટલો જોરદાર હતો કે તેનાં કારણે વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ હતી. પોલીસ અને ફોરેન્સિક ટીમે ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરી છે. બ્લાસ્ટનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. વિસ્ફોટ સવારે પાંચ વાગ્યે થયો હોવાનું જાણવા મળે છે. એડીસીપી વિશાલ જીત ઘટનાસ્થળે પહોંચી ગયાં હતા. બોમ્બ સ્ક્વોડ અને ફોરેન્સિક ટીમે તપાસ શરૂ કરી છે. આ વિસ્તારમાં લાગેલાં સીસીટીવી કેમેરાની ચકાસણી કરવામાં આવી રહી છે. એડીસીપી વિશાલ જીતને જણાવ્યું કે બ્લાસ્ટ કયાં કારણોસર થયો તેની તપાસ કરવામાં આવી રહી છે. ગુરબક્ષ નગર એક રહેણાંક વિસ્તાર છે. સવારે પાંચ વાગ્યાની આસપાસ વિસ્ફોટનો અવાજ સાંભળીને લોકોએ પોલીસને જાણ કરી હતી. આ પહેલાં આતંકીઓએ અજનાલા પોલીસ સ્ટેશનની બહાર આઈઈડી લગાવીને બ્લાસ્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો.

# લોકસભામાં અદાણી-સંભલ મુદ્દે હોબાળો, બંને ગૃહની કાર્યવાહી ૨ ડિસે. સુધી સ્થગિત

ન્યુ દિલ્હી,તા.૨૯

સંસદના શિયાળુ સત્રમાં સવારે ૧૧ વાગે લોકસભાની કાર્યવાહી શરૂ થતાં જ હોબાળો થયો હતો. સ્પીકર ઓમ બિરલાએ કહ્યું કે સહમતી-અસંમતી લોકશાહીની તાકાત છે. મને આશા છે કે તમામ સભ્યો ગૃહને કામ કરવા દેશે. દેશની જનતા સંસદ અંગે ચિંતા વ્યક્ત કરી રહી છે. ગૃહ દરેકનું છે, દેશ ઈચ્છે છે કે સંસદ ચાલે. સંસદનું શિયાળુ સત્ર ૨૫ નવેમ્બરથી શરૂ થયું હતું. ૪ દિવસમાં ગૃહની કાર્યવાહી માત્ર ૪૦ મિનિટ ચાલી. ગૃહમાં દરરોજ સરેરાશ ૧૦ મિનિટ સુધી કામ ચાલ્યું હતું. વિપક્ષે અદાણી અને સંભલનો મુદ્દો લોકસભા અને રાજ્યસભામાં ઉઠાવ્યો હતો. વિપક્ષના સાંસદોએ કાર્યવાહી દરમિયાન હોબાળો ચાલુ રાખ્યો હતો. સ્પીકરે તેમને બેસાડવા માટે ઘણી વખત પ્રયાસ કર્યા, પરંતુ વિપક્ષ શાંત ન થયા હતા. કોંગ્રેસે આજે ફરી અદાણી મુદ્દે કેન્દ્ર સરકારને ઘેરી હતી. આ મુદ્દે વિપક્ષે બંને ગૃહમાં હોબાળો મચાવ્યો હતો. લોકસભા-રાજ્યસભાની કાર્યવાહી ૨ ડિસેમ્બર સુધી સ્થગિત કરવામાં આવી છે.



# મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડીની હાર માટે કોંગ્રેસ જવાબદાર : યુબીટી

મુંબઈ,તા.૨૯



મહારાષ્ટ્રની ચૂંટણીમાં કારમી હાર બાદ મહા વિકાસ અઘાડીના ગઠબંધનમાં તિરાડો વધી રહી છે. અગાઉ મહારાષ્ટ્ર ચૂંટણીમાં કોંગ્રેસના પ્રભારી બનેલા જી.પરમેશ્વરે ઉદ્ધવ ઠાકરે અને શરદ પવારની પાર્ટીના સહકારના અભાવે મહારાષ્ટ્રમાં હાર થઈ હોવાનું કારણ આપ્યું હતું. હવે શિવસેના (યુબીટી) એ આક્ષેપો કરતાં કોંગ્રેસ પર હારનું ઠીકરૂં ફોડ્યું છે. યુબીટી નેતા અંબાદાસ દાનવેએ કોંગ્રેસની ટીકા કરતાં કહ્યું કે, કોંગ્રેસના વધુ પડતાં આત્મવિશ્વાસે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મહા વિકાસ અઘાડીને નુકસાન પહોંચાડ્યું છે. અમારી હાર માટે કોંગ્રેસ જ જવાબદાર છે.

# કેનેડાની ગુસ્તાખી : ભારતીય દુતાવાસના અધિકારીઓને સર્વેલન્સ નીચે મુકયા



ન્યુ દિલ્હી,તા.૨૯


ભારત સરકારે સંસદમાં જણાવ્યું હતું કે, હાલમાં જ કેનેડાના વાનકુવરમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસના અધિકારીઓને કેનેડિયન સત્તાવાળાઓ દ્વારા જાણ કરવામાં આવી હતી કે તેઓ 'ઓડિયો અને વીડિયો સર્વેલન્સ' હેઠળ છે અને તેમની 'ખાનગી વાતચીત' પણ 'ઈન્ટરસેપ્ટ' કરવામાં આવી રહી છે. ભારતે આનો સખત વિરોધ વ્યક્ત કર્યો છે, કારણ કે તે તમામ રાજદ્વારી જોગવાઈઓનું ઉલ્લંઘન છે. વિદેશ મંત્રાલયમાં ભારતનાં રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહે રાજ્યસભામાં એક લેખિત જવાબમાં કહ્યું કે, 'બંને દેશો વચ્ચે સ્થિર સંબંધો માટે એકબીજાની ચિંતાઓ, પ્રાદેશિક અખંડિતતા અને સાર્વભૌમત્વનું સન્માન મહત્વપૂર્ણ છે.' તેમણે એ પણ માહિતી આપી હતી કે ભારતે ૨ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ કેનેડાના હાઈ કમિશનર સમક્ષ આ મુદ્દે વિરોધ નોંધાવ્યો હતો.

**જસ્ટિસ મનમોહન ઓલ ઈન્ડિયા સિનિયોરિટી લિસ્ટમાં બીજા ક્રમે છે**

# દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સુપ્રીમ કોર્ટના જજ બનશે

ન્યુ દિલ્હી,તા.૨૯

સુપ્રીમ કોર્ટ કોલેજિયમે ગુરુવારે દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ મનમોહનને બઢતી આપવાની ભલામણ કરી હતી. તેઓ અખિલ ભારતીય સિનિયોરિટીની યાદીમાં બીજા ક્રમે આવે છે અને દિલ્હી હાઈકોર્ટના સૌથી સિનિયર જજ છે. સુપ્રીમ કોર્ટમાં જજોની કુલ ૩૪ જગ્યાઓમાંથી ૨ જગ્યાઓ હજુ પણ ખાલી છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સંજીવ ખન્નાની આ પહેલી કોલેજિયમ મિટિંગ હતી. ચીફ જસ્ટિસ ઉપરાંત કોલેજિયમમાં જસ્ટિસ બીઆર ગવઈ, જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ હૃષિકેશ રોય અને જસ્ટિસ એએસ ઓકાનો સમાવેશ થાય છે.



# હિન્દુઓની લડાઈમાં અમે ચિન્મય પ્રભુની સાથે : બાંગ્લાદેશ ઈસ્કોનનું નિવેદન

ઢાકા,તા.૨૯

બાંગ્લાદેશમાં હિંદુ ધર્મગુરુ ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડ પર હોબાળો ચાલુ છે. રાજદ્રોહના આરોપમાં ધરપકડ કરવામાં આવેલા ચિન્મય પ્રભુને લઈને ઈસ્કોને નિવેદન જારી કરીને તે રિપોર્ટ્સનું ખંડન કર્યું છે જેમાં કહેવામાં આવી રહ્યું છે કે ચિન્મય પ્રભુનો ઈસ્કોન સંગઠન સાથે કોઈ સંબંધ નથી. સંગઠને નિવેદન જારી કરીને કહ્યું કે ઈસ્કોન ચિન્મય કૃષ્ણ દાસના અધિકારોનું સમર્થન કરે છે અને તેમણે હિંદુઓ અને તેમના પૂજા સ્થળોની રક્ષા માટે ચિન્મયના શાંતિપૂર્ણ પ્રદર્શનના અધિકારોથી અંતર રાખ્યું નથી. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અમે અન્ય તમામ સનાતની જૂથોની સાથે મળીને હિંદુઓની સુરક્ષાનું સમર્થન કરીએ છીએ અને બાંગ્લાદેશમાં લઘુમતીઓને શાંતિપૂર્ણ રીતે રહેવાનો માહોલ ફરીથી તૈયાર કરવાનું આહ્વાન કરીએ છીએ.



# ચાઈલ્ડ પોર્નોગ્રાફી વિવાદમાં શિલ્પા શેટ્ટી-રાજ કુન્દ્રાના નિવાસે ઈડીના દરોડા

મુંબઈ, તા.૨૯



ચાઈલ્ડ પોર્નોગ્રાફી સહિતના વિવાદમાં ફસાયેલા બોલીવૂડના યુગલ શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુન્દ્રાના નિવાસે આજે સવારથી જ એન્ફોર્સમેન્ટ વિભાગે દરોડા શરુ કર્યા છે. મુંબઈમાં તેમના નિવાસસ્થાન, ઓફિસ સહિતના ૧૫ સ્થળોએ આ પ્રકારે દરોડાની કાર્યવાહી ચાલે છે. ચાઈલ્ડ પોર્નોગ્રાફીમાં રાજ કુન્દ્રાએ જંગી કમાણી કરી હતી અને તેના નાણાં વિદેશ પણ મોકલી દીધા હોવાનું માનવામાં આવે છે. જેમાં તેના પર મની લોન્ડરીંગનો આરોપ છે. આઈપીએલમાં સટ્ટાકાંડ અને ચાઈલ્ડ પોર્નોગ્રાફી જેવા ધંધામાં સંડોવાયેલા રાજ કુન્દ્રા અગાઉ બે મહિના જેલમાં પણ જઈ આવ્યો છે અને હાલ તે જામીન પર છે. મોબાઈલ એપ મારફત અશ્લિલ સામગ્રી તૈયાર કરીને તે વહેંચતો હતો અને તેમાં વિદેશી કરપ્શન પણ ઝડપાયું હતું અને જંગી નાણાની હેરફેર વિદેશમાં તેણે કરી હોવાનું માનવામાં આવે છે. રાજ કુન્દ્રા પર અનેક ગંભીર કલમો લગાવવામાં આવી છે. તેણે હોટશોટ નામની મોબાઈલ એપ્લીકેશન મારફત આ ચાઈલ્ડ પોર્નોગ્રાફી વહેંચી હતી અને તેમાં તેની બ્રિટન સ્થિત કંપની પણ સંડોવાઈ છે.

**મિસાઈલ સિવિલિયન ટાર્ગેટ પર ત્રાટક્યા**

# યુક્રેન પર ૧૦૦ મિસાઈલ અને ૯૦ ડ્રોન વડે રશિયાનો ભીષણ હુમલો

કીવ,તા.

રશિયાએ અગાઉના વર્ષોમાં પણ યુક્રેનની વીજ ઉત્પાદન ક્ષમતાને લક્ષ્યાંક બનાવી હતી. તેની પાછળ તેનું ધ્યેય નાગરિકોને શિયાળાના મહિનાઓ દરમિયાન હીટિંગની સગવડ ન મળે અને ગરમાગરમ પાણી ન મળે તેનું છે. આ રીતે તે યુક્રેનનો સ્પિરિટ તોડવા માંગે છે. આ હુમલાઓએ યુક્રેનના સરંક્ષણ ઉદ્યોગને વધુને વધુ ઉત્પાદન સ્થાનિક સ્તરે કરવાની ફરજ પાડી છે. યુક્રેનનો સંરક્ષણ ઉદ્યોગ મિસાઈલ, ડ્રોન અને સશસ્ત્ર વાહનોની સાથે અન્ય મિલિટરી એસેટ્સનું પણ ઉત્પાદન કરે છે. યુક્રેનના પ્રેસિડેન્ટ ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે ગુરુવારે કેટલાક વિસ્તારોમાં કેલિબર ક્રુઝ મિસાઈલ એકસાથે સિવિલિયન ટાર્ગેટ્સ પર ત્રાટક્યા હતા. આ મિસાઈલોના ક્લસ્ટર મ્યુનિશન્સે મોટાપાયા પર નાના બોમ્બ રિલીઝ કર્યા હતા, જે નાગરિકો માટે હુમલા પછી પણ જોખમી નીવડે છે. પુતિને દાવો કર્યો હતો કે તેમના દળોએ ૧૭ યુક્રેનિયન લક્ષ્યાંકો પર હુમલા કર્યા હતા, તેમાં મિલિટરી ફેસિલિટીઝ અને સપોર્ટ સિસ્ટમ્સનો સમાવેશ થાય છે. ૧૦૦ મિસાઈલ અને ૯૦ ડ્રોન વડે આ હુમલો કરવામાં આવ્યો હતો.



### પેપર મીલ અને બાંધકામ વ્યવસાય સાથે સંકળાયેલા લોકો સામે તવાઈ

# બેનામી વ્યવહારને લઈ મહેસાણા, અમદાવાદ અને મોરબીમાં આઈટી વિભાગે પાડ્યા દરોડા

અમદાવાદ,તા.૨૯

મહેસાણાના નામાંકિત રાધે ગ્રુપના મહેન્દ્રભાઈ પટેલ અને તેમના ભાગીદારોને ત્યાં આઈટી વિભાગે તપાસ હાથ ધરી છે. આશરે બે ડઝનથી વધુ સ્થળે આઈટી વિભાગે એકસાથે તપાસ હાથ ધરી છે. રાજકોટ જિલ્લાના એક રાજકારણીના જમાઈને ત્યાં પણ દરોડો પાડવામાં આવ્યો છે. મોરબીના બે સિરામિક ઉદ્યોગકારોનું પણ રાધે ગ્રુપ સાથે કનેક્શન હોય ત્યાં પણ તપાસ ચાલી રહી છે. આ ઉપરાંત અમદાવાદમાં પણ આઈટી વિભાગ દ્વારા સર્ચ હાથ ધરવામાં આવ્યું છે. IT વિભાગ દ્વારા આજે વહેલી સવારથી જ પોલીસને સાથે રાખી મોરબી, અમદાવાદ, મહેસાણા સહિતનાં સ્થળો પર સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. આ ગ્રુપ પેપર મિલ અને બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલું હોવાનું જાણવા મળ્યું છે. ITની તપાસમાં બેનામી વ્યવહાર હાથ લાગે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.




# જો સરદાર પટેલ પ્રધાનમંત્રી હોત તો સર્વે માટે અરજી ન કરવી પડત : ગિરિરાજ સિંહ

## સુરત આવેલા કેન્દ્રીયમંત્રીએ કોંગ્રેસ પર પ્રહારો કર્યા

સુરત,તા.૨૯

કેન્દ્રીય ટેક્સટાઈલ મંત્રી ગિરિરાજ સિંહે પોતાના બે દિવસના ગુજરાત પ્રવાસ દરમિયાન જવાહરલાલ નહેરુ, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને સોનિયા ગાંધી પર આકરા પ્રહાર કર્યા હતા. તમણે કહ્યું કે, બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચાર થઈ રહ્યા છે તે મામલે રાહુલ ગાંધી અને ટુકડે ટુકડે ગેંગના લોકો કેમ કંઈ બોલી રહ્યા નથી. ભારતનો હિન્દુ સમાજ પૂછી રહ્યો છે શું તમે પોતાની જાતને વોટની સાથે સાથે મુસ્લિમોને સોંપી દીધી છે. ભારત દેશનું દુર્ભાગ્ય રહ્યું છે કે, જવાહરલાલ નહેરુ દેશના પહેલા વડાપ્રધાન બન્યા. જો સરદાર પટેલ હોત તો આજે કોઈને પણ કોર્ટમાં જઈને સરવે માટે અરજી કરવી ના પડત. જવાહરલાલ નહેરુની તુષ્ટીકરણની નીતિએ દેશને મુશ્કેલીમાં મૂક્યો છે.



# જૂનાગઢમાં અંબાજી મંદિરમાં વિવાદ બાદ સમગ્ર વહીવટ મામલતદારને સોંપાયો

જૂનાગઢ,તા.૨૯

જૂનાગઢના ગિરનાર પર્વત પર આવેલા અંબાજી મંદિરના મહંત તનસુખગીરી બ્રહ્મલીન થયા બાદ અંબાજી મંદિરની ગાદીને લઈ વિવાદ વકર્યો હતો. ગિરનારના સાધુ-સંતો દ્વારા આક્ષેપ પ્રતિઆક્ષેપ બાદ આજે જૂનાગઢ કલેક્ટર દ્વારા અંબાજી મંદિરનો વહીવટ મામલતદારને સોંપવામાં આવ્યો હતો. જ્યાં સુધી ગુરુ દત્તાત્રય, અંબાજી મંદિર અને ભીડભંજન મંદિરના કાયમી મહંતની નિમણૂક ન થાય ત્યાં સુધી વહીવટ કર્તા તરીકે મામલતદારની નિમણૂક કરવામાં આવી છે. બીજી તરફ છેલ્લા ઘણા સમયથી પંચદશનામ જુના અખાડાના લેટર પર હરિગિરિ દ્વારા કરોડો રૂપિયાનો વહીવટ કરવામાં આવ્યો છે. આ લેટર મહેશગિરિ દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો. ત્યારે આ લેટરનું ઉદ્ભવ સ્થાન તેમજ લેટરમાં લખેલી બાબતોની સત્યતા ચકાસવામાં અને તે બાબતે પણ વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર દ્વારા યોગ્ય તપાસ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે, તેમ કલેક્ટરે જણાવ્યું છે.



# અમરેલી સહિત રાજ્યમાં ડિસેમ્બર મહિનો ઠંડોગાર નીવડી શકે છે : હવામાન વિભાગ

અમદાવાદ,તા.૨૯

ગુજરાતમાં શિયાળાની ઋતુ સંપૂર્ણપણે છવાઈ ગઈ છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં ભારે ઠંડી પડી રહી છે. ટૂંક સમયમાં નવેમ્બર મહિનો પૂરો થવાનો છે, પરંતુ હજુ સુધી ઘણી જગ્યાએ અપેક્ષા મુજબ ઠંડીનો અનુભવ થઈ રહ્યો નથી. અમદાવાદમાં ગઈ કાલે મહત્તમ તાપમાન ૩૨.૫ ડિગ્રી નોંધાયું હતું. નલિયાની સરખામણીએ વડોદરા અને અમરેલીમાં વધુ ઠંડીનો અનુભવ થયો હતો. આ બંને શહેરોમાં તાપમાન ૧૫ ડિગ્રીથી નીચે નોંધાયું હતું, જેમાં વડોદરામાં ૧૪.૧ ડિગ્રી અને અમરેલીમાં ૧૪.૩ ડિગ્રી નોંધાયું હતું. ગુજરાતમાં શિયાળાની ઋતુ સંપૂર્ણપણે છવાઈ ગઈ છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં ભારે ઠંડી પડી રહી છે. અમદાવાદમાં ગઈ કાલે મહત્તમ તાપમાન ૩૨.૫ ડિગ્રી નોંધાયું હતું. નલિયાની સરખામણીએ વડોદરા અને અમરેલીમાં વધુ ઠંડીનો અનુભવ થયો હતો.



# પાકિસ્તાન માટે જાસૂસી કરનારા દેશદ્રોહી 'દિનેશ'ને ઝડપી લેતી એટીએસ

ઓખા,તા.૨૯

ગુજરાત એટીએસએ ફરી એક વખત ભારતીય સુરક્ષા એજન્સીની જાસૂસી કરતા ભારતીય નાગરિકની ધરપકડ કરી છે. અગાઉ આ પ્રકારે હનીટ્રેપમાં ફસાઈને અનેક લોકો પાકિસ્તાનના એજન્ટોને આ પ્રકારની માહિતી આપતા હતા અને ઘણી વખત કેટલાક રૂપિયાની લાલચમાં પણ મહત્ત્વની માહિતી ત્યાં પહોંચતી હતી. આ વખતે પકડાયેલો આરોપી ઓખા પાસે રહેતો હતો અને એક ખાનગી કંપનીમાં કામ કરતો હતો. આ સમગ્ર માહિતી એટીએસને મળી છે અને તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. ગુજરાત એટીએસનાં સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે છેલ્લા કેટલાક સમયથી ભારતીય કોસ્ટગાર્ડ અને દરિયાઈ સીમાની કેટલીક મહત્ત્વપૂર્ણ માહિતી પાકિસ્તાનને પહોંચતી હતી. આ સમગ્ર મામલે કેટલાક દિવસથી ગુજરાત એટીએસની ટીમ ઓખાના એક વ્યક્તિને ટ્રેક કરી રહી હતી. જેનું નામ દિનેશ ગોહિલ હોવાનું સામે આવ્યું છે. પોલીસે જ્યારે તેની ધરપકડ કરી ત્યારે જાણવા મળ્યું કે, તેણે કોસ્ટગાર્ડની ઘણી બધી માહિતી ત્યાં પહોંચાડી છે. હવે કયા મોડ્યુલમાં અને કઈ રીતે તે આમાં આવ્યો તેની તપાસ એટીએસ કરી રહી છે. દિનેશ ગોહિલ પાકિસ્તાનના કેટલાક લોકો સાથે સંપર્કમાં આવ્યો હતો અને સોશિયલ મીડિયા અને બીજાં કેટલાંક માધ્યમોથી કોસ્ટગાર્ડ અને ભારતીય દરિયાઈ સીમાના કેટલાક મહત્ત્વના ફોટોગ્રાફ્સ પાકિસ્તાનમાં કોઈ વ્યક્તિને મોકલ્યા હતા. આ સમગ્ર મામલે હવે પોલીસે દિનેશ જ્યાં નોકરી કરતો હતો તે કંપનીના કેટલાક લોકોની પૂછપરછ કરી છે અને તેની સાથે સંપર્કમાં હોય તેની પણ તપાસ શરૂ કરી છે.




# સુરતમાં મોબાઈલમાં વ્યસ્ત રહેતી દીકરીને પિતાએ કુકરના ઘા મારી પતાવી દીધી

## ઘા એટલા જોરદાર માર્યા કે કુકરમાં ઘોબા પડી ગયા

સુરત,તા.૨૯


સુરતના ભરીમાતા રોડ પર રહેતા અને રિક્ષા ચલાવતા મુકેશ પરમાર તેનાં ત્રણ સંતાનો અને પત્ની સાથે રહે છે. મુકેશ પરમાર ભાડેથી રિક્ષા ચલાવે છે અને થોડા સમયથી બીમાર હોવાથી ઘરે આરામ કરતો હતો. ઘરમાં તેની ૧૮ વર્ષીય દીકરી હેતાલી અને નાનો પુત્ર હાજર હતા. જ્યારે હેતાલીનાં માતા અને એક બહેન નોકરી પર ગયાં હતાં. હેતાલીનાં માતા જ્યારે નોકરી પર ગયાં ત્યારે તેને ઘરકામ કરી લેવાનું કહીને ગયાં હતાં. જે બાબતે પિતાએ પણ ટકોર કરી પરંતુ, પુત્રી મોબાઈલમાં વ્યસ્ત રહેતી હોઈ મુકેશ પરમાર ઉશ્કેરાયો હતો અને રસોડામાં પડેલું કૂકર ઉઠાવી દીકરીના માથામાં ધડાધડ ૧૦ ઘા મારતા દીકરી ત્યાં જ લોહીલુહાણ હાલતમાં પડી ગઈ હતી. હુમલાના કારણે બૂમાબૂમ થતાં જ આસપાસથી લોકો દોડી આવ્યા હતા. લોહીલુહાણ હાલતમાં હેતાલીને તાત્કાલિક એમ્બ્યુલન્સ દ્વારા સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, પરંતુ સારવાર દરમિયાન રાત્રે તેનું મૃત્યુ થઈ ગયું હતું. ચોકબજાર પોલીસને જાણ થતાં ગુનો નોંધી આરોપી પિતા મુકેશ પરમારની ધરપકડ કરી છે.



# ગુજરાતમાં GAS કેડરના ૩૭ અધિકારીઓની સામૂહિક બદલી

ગાંધીનગર,તા.૨૯

ગુજરાતમાં જીએએસ કેડરના ૩૭ અધિકારીઓની સામૂહિક બદલીના સામાન્ય વહીવટ વિભાગે આદેશ આપ્યાં છે. વહીવટ વિભાગે નોટિફિકેશન જાહેર કર્યું. મળતી માહિતી પ્રમાણે, ગુજરાત વહીવટી સેવામાં ફરજ પરના ૩૭ અધિકારીઓની સામૂહિક બદલી કરવામાં આવી છે. બદલીને લઈને વહીવટ વિભાગે નોટિફિકેશન જાહેર કરીને જાણકારી આપી છે. જેમાં એસ.એન. મલેકની બદલી જોઈન્ટ કમિશનર, ટેકનિકલ એજ્યુકેશન કમિશનરની કચેરી, ગાંધીનગર ખાતે કરવામાં આવી છે અને ડી.પી. મહેશ્વરીને તે પદના વધારાના ચાર્જમાંથી મુક્ત કરવામાં આવ્યા છે.




# તમામ જમીન સંપાદિત થઈ હોય તેવા ખેડૂતો માટે મોટો નિર્ણય લેતી રાજ્ય સરકાર

ગાંધીનગર,તા.૨૯

રાજ્ય સરકારના નિર્ણય અનુસાર, વર્ષ ૧૯૬૦થી એટલે કે ગુજરાતના અલગ રાજ્ય તરીકેના સ્થાપના કાળથી વિવિધ પ્રોજેક્ટ્સમાં ખેડૂતોની તમામ જમીન સંપાદિત થઈ હોય અને જે તે સમયે ખેડૂત પ્રમાણપત્ર મેળવી ન શક્યા હોય તેવા ખેડૂતો રાજ્ય સરકાર દ્વારા આ ઠરાવ પ્રસિદ્ધ થયાના એક વર્ષમાં પ્રમાણપત્ર મેળવવા માટે સંબંધિત કલેકટર સમક્ષ અરજી કરી શકશે. આવી અરજી મળ્યા પછી સંબંધિત કલેક્ટર દ્વારા જાતે ખરાઈ કરીને ખેડૂત પ્રમાણપત્ર ઈસ્યુ કરવામાં આવશે. એટલું જ નહીં, આવું પ્રમાણપત્ર મળ્યાના ત્રણ વર્ષમાં જે તે ખેડૂતને જમીનની ખરીદી કરી લેવાની રહેશે. રાજ્યના જે ખેડૂતોની જમીનો પ્રોજેક્ટ્સમાં સંપાદિત થઈ છે પરંતુ જે તે વખતે ખેડૂત પ્રમાણપત્ર મેળવી ન શકેલા ખેડૂતો કે જે ખેડૂત મટી ગયા છે તે હવે આ પ્રમાણપત્ર મેળવી શકશે. ત્યારે આ નિર્ણયના પરિણામે ખેતીને પ્રોત્સાહન મળશે. આ ઉપરાંત જે ખેડૂત પોતાના ખાતાના સર્વે નંબર પૈકી બચત રહેલો એક માત્ર સર્વે નંબર બિનખેતી કરાવે તેના કારણે ખેડૂત મટી જતા હતાં. આવા કિસ્સામાં ખેડૂત પ્રમાણપત્ર મેળવવાની કોઈ જોગવાઈ ન હોવાના કારણે ખેતીની જમીન ખરીદવામાં તેઓ મુશ્કેલી અનુભવતા હતા. એવી રજૂઆતો મુખ્યમંત્રી સમક્ષ અવારનવાર ખેડૂતો દ્વારા આવી હતી. આવી રજૂઆતોના સંદર્ભમાં રાજ્ય સરકારે એવો નિર્ણય કર્યો છે કે, હવે પછી પોતાની ખેતીની જમીનનો છેલ્લો સર્વે નંબર પણ બિનખેતી થયા બાદ કોઈ ખેડૂત, ખેડૂત પ્રમાણપત્ર માંગે તો આવી જમીન બિનખેતી થયા બાદ એક વર્ષમાં ખેડૂત પ્રમાણપત્ર આપવાનું રહેશે. ખેડૂતે આ પ્રમાણપત્રની તારીખથી બે વર્ષમાં જમીન ખરીદવાની રહેશે. આ અંગેનો ઠરાવ પ્રસિદ્ધ થયાના એક વર્ષ પહેલાંથી આ પ્રકારે બિનખેડૂત થયેલા અરજદારોને પણ આ નિર્ણયનો લાભ મળશે.




સોનાનાં કલાત્મક આભૂષણ
રીયલ ડાયમંડ જ્વેલરી
રોઝ ગોલ્ડ તથા
વ્હાઈટ ગોલ્ડ જ્વેલરી
૯૨.૫ સ્ટર્લિંગ સિલ્વર જ્વેલરી
વી.કે. જ્વેલર્સ
દાણા બજાર, ટાવર પાસે, અમરેલી.
ફોનઃ ૦૨૭૯૨- ૨૨૬૧૬૨, મો.૮૦૦૦ ૭૦૦ ૮૦૦
ચોકસી નાગરીક બેંક અમરેલી.

અઢી દાયકાથી લોકોમાં વિશ્વાસ જીતી સ્વાદનાં શોખીનો માટે વિશ્વસનીય તેલ....
૧૦૦% શુધ્ધ સીંગતેલ
બારે માસ ભરવાલાયક
11
સ્વાદ અને તંદુરસ્તી માટે...
ડબલ વન સીંગતેલ
શ્રી વિવેક ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ
લીલીયા રોડ, ત્રિમંદિર સામે, અમરેલી - ૩૬૫ ૬૦૧.
ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૩૯, ૨૨૦૨૬૦
હરેશભાઈ : ૯૮૭૯૫ ૯૮૨૯૩






સમગ્ર સૌરાષ્ટ્રભરમાં પાણીના બોર માટેનું વિશ્વાસપાત્ર નામ
ટાઈગર બોરવેલના વધારે વિડીયો જોવા માટે YouTube ચેનલમાં TIGER BORWELL સબસ્ક્રાઈબ કરો
કુવાના આડા બોર
૩ ઈંચ થી ૪।।। - ૫૦૦ ફુટ સુધી કરાવવા માટે મળો
ટાઈગર TIGER BORWEL બોરવેલ
પિયુષભાઈ પટેલ મો.૯૮૨૫૨ ૧૨૬૭૪





હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર તેમજ ૧૨ પાસ
પગાર ધોરણ :
૭,૫૦૦/- થી ૮,૫૦૦/-
નર્સિંગ સ્ટાફ (લેડીઝ)
(નાઈટ માટે) પગાર ધોરણ :
૯,૫૦૦/- થી ૧૨,૦૦૦/-
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

સંજોગ ન્યૂઝની
ધમાકેદાર
વાર્ષિક લવાજમ યોજના
૧/૧૧/૨૦૨૪ થી ૩૧/૧૦/૨૦૨૫
એજન્સી માટે સંપર્ક કરો મો. ૮૧૬૦૨૦૧૬૪૩
સપ્તાહના સાતેય દિવસ અમરેલીમાંથી પ્રકાશિત થતુ એક માત્ર દૈનિક એટલે
સંજોગ ન્યૂઝ
માત્ર રૂપિયા ૬૯૯/-
માં મેળવો આખું વર્ષ અખબાર
સાથે સપ્તાહમાં બે દિવસ પૂર્તિનો રસથાળ
સંજોગ ન્યૂઝના વાર્ષિક લવાજમ યોજનાનો લાભ લેવા માટે તમારા શહેર અને ગામના એજન્ટોનો સંપર્ક કરવો